# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 08 ❖ Pages : 36 ❖ Mumbai ❖ September 2023 ❖ Price : Rs.8/-


## First Time Raas Garba Event In The History Of Shree Sorath Vishashrimali Jain Samaj-Mumbai



સાંસ્કૃતિક કાર્યક્રમ

# ras garba



**Date : 01 - 10 -2023**

**Sunday - 6.30 PM Onwards**

**With - M.J. (Manish Joshi)**

**Main Donor Of Raas Garba Event**

Shri Rameshbhai Prabhudasbhai Sanghvi Parivar

**Donor For The Venue / Hall**

Shri Zaverchand Jhuthabhai Vasa Parivar

**Donor For Sound & Music**

Smt. Nirmalaben Kantilal Nandlal Vora Parivar

**Sahyogi Donor**

Aquatic Remedies Ltd. Mumbai

**Prizes Sponsored By**

Zoomnext Mobile & Accessories.

President : Kiritkumar Prabhulal Mehta.

Convenor : Shri Ashish V Mehta    Co-Convenor : Kamal K Doshi

Event Committee : Dhiren Vasa - Sanjay Mehta - Shailesh Vora

# સપ્ટેમ્બર માસના મુખપત્રના સૌજન્ય દાતા



**શ્રી જીવણલાલ વીરચંદ મહેતા**
જીવનબાપા : મૂઠી ઉંચેરા માનવી

જૈન સમાજનૈ અગ્રેસર, પ્રખર દાનવીર અને સોરઠ શ્રીમાળી જેન સમાજના રાહબર અને હિતચિંતક મુરબ્બી શ્રી જીવણલાલ વીરચંદ મહેતા એક આદરણીય અને સન્માનનીય વ્યક્તિ હતા. જીવનબાપાના હુલામણા નામથી લોકોના હ્રદયમાં તેમણે અનેરું સ્થાન મેળવ્યું હતું.

જીવનબારાએ સોરઠ અને સૌરાષ્ટ્રના લોકો માટે અનેક કલ્યાણકારી સમાજ ઉપયોગી યોજનાઓ અમલમાં મૂકી હતી. વાડી, સમુહલગ્ન, શાળાઓ, કોમ્યુનિટી હોલ તેમજ તબીબ ક્ષેત્રે તેમણે આપો દાનથી સમાજના બહોળા લોકોને ફાયદો થયો હતો. આકોલા, શેગાંવ, વિદર્ભ અને બીજા શહેરો અને કલકતાના લોકો માટે પણ તેમણે અનેક ઉપયોગી કાર્ય કર્યા હતા. અને સમાજ પરિવર્તનની દિશામાં તેમણે અગ્રેસર ભૂમિકાઓ ભજવી હતી. તેઓ માનતા હતા કે આર્થિક ઉત્કર્ષ વગર સમાજનું પાયાનું પરિવર્તન શક્ય નથી.

જીવનબાપાનું સમગ્ર જીવન પુરૂષાર્થની પ્રચંડ ગાથા જેવું હતું. શૂન્યમાંથી તેમણે સર્જન કર્યું હતું. તેમણે જીવનમાં ઘણા તડકા-છાયા જોયા હતા અને અનુભવની પર તેમનું જીવન ઘડાયું હતું. ધીરજ, સહનશીલતા અને વ્યવહાર દક્ષતાથી એખ પછી એક મુકામો સર કર્યા હતા. સુપુત્રોને પાયાના સંસ્કાર આપ્યા હતા. પરિશ્રમ અને મહેનત દ્વારા આગળ વધવાની તાલીમ આપી હતા. સુપુત્રોએ વેપાર ધંધાની કુનેહથી તેમના સ્વપ્નને સાકાર બનાવ્યું છે અને પરિવારના નામને રોશન બનાવ્યું છે.

જીવનબાપાનું સમગ્ર જીવન ધૂપસળી જેવું હતું. તેમણે ચોમેર મહેક પ્રસરાવી હતી. સુખનો તેમણે પ્રભુની પ્રસાદી તરીકે અને દુ:ખનો તપશ્ચર્યા તરીકે સ્વીકાર કર્યો હતો. તેઓ સાચા અર્થમાં કર્મયોગી હતા. સુખમાં રહેવા તેઓએ તેનાથી નિર્લેપ અને નિ:સ્પૃહી રહ્યા હતા. સાદુ જીવન અને ઉચ્ચ વિચારો તેમનો મંત્ર હતો. ૯૮ વર્ષના દીધાયુષી જીવનના પાયામાં પ્રસન્ન વ્યક્તિ અને આનંદની અનુભૂતિ હતી.

કોઈ જાતની મોટાઈ નહીં, કોઈ જાતનો અહંકાર નહીં, કોઈની ટીકા નહીં, નકારત્મક વલણ નહીં. સૌ પ્રત્યે સમાન દ્રષ્ટિ આ બધા ગુણોએ તેમને મૂઠી ઉંચેરા માનવી બનાવ્યા હતા. તેમનું દિલ ખૂબજ ઉદાર હતું. સચ્ચાઈ અને પ્રામાણિકતા તેમના જીવનમાં વણાયેલા હતા. સગા,સંબંધીઓ અને સ્નેહીઓ પ્રત્યે અપાર ચાહના હતી. તેમના પરિચયમાં જે કોઈ આવ્યું હોય તેને કદી ભૂલતા નહીં.

જીવનબાપાએ કર્તવ્યનિષ્ઠા દ્વારા ખરો ધર્મ અપનાવ્યો. તેમનુ જીવન પારદર્શક હતું. ધર્મ એ જીવન જીવવાનું કલા છે. જીવનબાપાએ આ કલા હસ્તગત કરી હતી. તેઓ માનતા હતા કે જીવન જેવું છે તેવું સ્વીકારવું એ માણસને માણસ બનાવે તે મોટો ધર્મ. આ બન્ને વાત તેમણે પોતાના જીવન દ્વારા સાર્થક કરી હતી. સેવા અને માનવતાને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ આ મહામાનવને કદી ભૂલશે નહીં.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**


**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા......... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા ........... ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા................... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા.............. માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી......... માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા......... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર.......... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા................ સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી............. સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી................. સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા............. સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા................. સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી................. સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા............... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.................. સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા................. સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા................. કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા................ કો-ઓપ્ટ


**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂ.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)


**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


## સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂપિયા ૨૫૦૦૦/- સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે.

લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ આપણા સમાજની ઓફિસમાંથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોક્યુમેન્ટ સાથે આપણા સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ દેવચંદભાઈ વસાને ત્યાં નીચે એડ્રેસ ઉપર મોકલી દેવા. સમાજના ધારા ધોરણ પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.

**Shri Dhirenbhai Devchand Vasa**
B-801, Kailash Jyot, Building No.1,
Derasar Lane, Ghatkopar (East),
Mumbai - 400077 Mob.: 9820012454

## ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા
## મેડિકલ સહાય યોજના

આ યોજના હેઠળ જે પણ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થયેલ હોય અને તેમને દવાના ખર્ચ રાહત પેટે રૂ.૫૦૦૦/- સુધી સહાય રૂપે આપવામાં આવશે,

આ યોજના મુંબઈ પરિસરમાં વસતા આપણા સમાજના મેમ્બર્સને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોય તેમના ખર્ચને પહોંચી વળવા માટેની છે જેની નોંધ લેશો.

આ યોજનામાં લાભ લેવા ઈચ્છુક દર્દીને માટે નીચે મુજબના નિયમો છે. એપ્લિકેશન લેટર સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો આપણા સમાજના ખજાનચી શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરાને ત્યાં નીચે જણાવેલ એડ્રેસ ઉપર મોકલવા જરૂરી છે.

૧) હોસ્પિટલમાં દાખલ થયેલા એડમિશન કાર્ડની ઝેરોક્ષ
૨) હોસ્પિટલમાંથી મળેલ ડિસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ (ડિસ્ચાર્જ મળ્યો હોય તો)
૩) મેડિસિન પ્રિસ્ક્રિબશન લેટર ફ્રોમ ડૉક્ટર
૪) દવાના બિલ ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ
૫) દર્દીના આધારકાર્ડની ઝેરોક્ષ

**Shri Yogeshbhai Vinodrai Vora**
503 / 504, Dharam Kutir Apartment,
Kharkar Ali Road, Nr. Police School,
Thane (West) - 400601 M.: 7977779713

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**
**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

**Factory & Head Office :**

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.
**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

**Sister Concern :**
## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com


**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## તંત્રી સ્થાને થી....

# પ્રસિધ્ધિની ઝંખના

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦



માણસ માત્ર ને પ્રસિદ્ધિ મેળવવાની ઝંખના હોય છે અને તેને માટે તે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. સામી વ્યક્તિ કે વ્યક્તિઓ પર પોતાનો પ્રભાવ પડે - લોકો તેને અહોભાવથી જુવે તેવી ઈચ્છા હોય છે અને તેને માટે ઘણીવાર જાત જાતના ગતકડાઓ કરવામાં આવતા હોય છે.

પ્રસિદ્ધિ મળવી અને પ્રસિદ્ધિ મેળવવા માટે પ્રયત્ન કરવો તેમાં આસમાન જમીનનો ફરક છે. સારા સામાજિક કે કૌટુંબિક કાર્યો કરનારને લોકો સ્વાભાવિક રીતે માન આપે છે - સન્માન કરે છે. તેમના કાર્યોની કદર કરવામાં આવે છે. આપણે જોઈએ છીએ કે ઘણા લોકો પોતાની જ્ઞાતિ-સમાજ માટે અવિરત કાર્ય કરતા હોય છે. સમાજના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. આવી વ્યક્તિઓ બેશક માન પામવાને લાયક હોય છે.

બીજી બાજુ ઘણા લોકો પ્રમાણમાં ઓછી લાયકાત ધરાવતા હોવા છતાં પણ માન મેળવવા માટે પ્રસિદ્ધિ મેળવવા માટે વલખા મારતા જોવા મળે છે. પોતાના નાના કાર્યને પણ ખૂબ મોટું બતાવી તેના ફોટા સોશિયલ મીડિયા પર અપલોડ કરી પોતાની મહત્તા સ્થાપવાનો પ્રયત્ન કરતા હોય છે. શરૂઆતમાં કદાચ લોકો તેમની વાતોથી અંજાઈને પ્રભાવિત થતા હોય તેવું બને, પરંતુ લાંબે ગાળે લોકોને સત્ય સમજાઈ જતું હોય છે અને અસલી ચહેરો સામે આવી જાય છે.

ઘણીવાર આસપાસની વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા ખોટા વખાણ માણસને તેવું માનવા પ્રેરે છે કે તે ખૂબ જ મહત્વની વ્યક્તિ છે અને તેના દ્વારા કરવામાં આવતા કાર્યો બીજી વ્યક્તિ કરી જ ન શકે. ધીરે ધીરે આ વાત દિમાગ પર ચડી જાય છે અને વ્યક્તિનું અભિમાન આસમાને પહોંચી જતું હોય છે. દરેક વ્યક્તિ પાસે એક કે બે ખૂબ જ સારા, અંગત મિત્રો હોવા ખૂબ જ જરૂરી છે. ખુશામત ખોર વર્તુળ કે હાજી હા કરનાર મિત્રો (જેને કાઠીયાવાડી ભાષામાં **દરબારી ડાયરો** કહેવામાં આવે છે) ખૂબ જ નુકશાનકારક સાબિત થઈ શકે છે. વખાણ અને ખુશામત વચ્ચે ખૂબ જ બારીક ભેદરેખા છે. વખાણ ક્યારે ખુશામત બની જાય છે તેની ખબર પડતી નથી. આવા ખુશામત ખોર લોકો ખોટી વ્યક્તિઓને જરૂર કરતા વધારે પડતા મહાન બતાવવાની કોશિશ કરતા હોય છે અને ઘણી વાર તેમાં સફળ પણ થતા હોય છે.

સારા કાર્યો કરનારની કદર જરૂર થવી જોઈએ, જેથી તેને વધારેમાં વધારે સત્કાર્યો કરવાની પ્રેરણા મળે. જૈન ધર્મમાં આપણે તેને અનુમોદના કહીએ છીએ. આપણાથી કદાચ કોઈ સત્કાર્ય ન થાય પરંતુ સારા કાર્યો કરનારની કદર જરૂર કરવી જોઈએ.

**પ્રસિદ્ધિ મેળવવા માટે ખોટી રીતે અપનાવવામાં આવતા શોર્ટકટ અંતે હાસ્યસ્પદ પરિસ્થિતિ સર્જે છે.**

## ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



**જન્મ :**
**તા.: ૨૨-૧૧-૧૯૫૫**

**અરિહંત શરણ :**
**તા.: ૦૪-૦૯-૨૦૨૦**

# સ્વ. જીતેન્દ્ર કાંતિલાલ મહેતા

**જીતુભાઈ (ડ્રેસવાલા)**
**(છોડવડી હાલ મુલુંડ)**

**અંજલી આપતા હૈયું તૂટે છે, શ્રદ્ધાંજલિ લખતા શબ્દો ખુટે છે**
**કુદરત ના ખજાનાને ખોટ પડે ત્યારે, વિધાતા પણ ધરતીના પુષ્પોને ચુંટે છે**

**વ્હાલના વડલા જેવું આપનું અસ્તિત્વ તો અમારી વચ્ચે નથી**
**પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવન ઘડતર અને**
**સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ**
**અમારા માટે પથદર્શક પ્રેરણાદાયી અને આશીર્વાદરૂપ બની રહે એ જ પ્રાર્થના**

### ::: પ્રેમાળ પરિવાર :::

**સ્વ. કાંતિલાલ કપુરચંદ મહેતા પરિવાર**

| | |
|---|---|
| માતા | : મંજુલાબેન કાંતિલાલ મહેતા |
| ધર્મપત્ની | : માયા જીતેન્દ્ર મહેતા |
| ભાઈ-ભાભી | : હર્ષા ભરત મહેતા / દિપા પરાગ મહેતા |
| બહેન-બનેવી | : મીના હર્ષદરાય વારીયા / હર્ષા પ્રદીપકુમાર મહેતા / નયના કુમાર ઐયર |
| પુત્ર-પુત્રવધુ | : ઉર્વી કેજલ મહેતા / નિકિતા પારસ મહેતા |
| ભત્રીજા-ભત્રીજી | : ઋષભ, હિરલ, દેવાંશી, હિલોની |
| ભાણેજ | : વિરલ, વિશાલ, સૂરજ, વિજય, મયુર, કૃપા, રીટા, નેહા |
| પૌત્રી-પૌત્ર | : હસ્તી, હિયાંશ |

Kayami - Sept.

# ચમત્કાર તો તમે પણ કરી જ શકો છો -
# દરેક સમસ્યાનું સમાધાન આમ કરાય...

**સંકલન : શ્રી લલિતભાઈ શેઠ - ભાયંદર**

એક માણસ બેન્કમાં ગયો. પોતાના એકાઉન્ટમાંથી થોડીક રકમ ઉપાડવા માટે સેલ્ફનો ચેક લઈને તે કાઉન્ટર પાસે ઊભો રહ્યો.

એ વખતે કેશિયર થોડે દૂર સ્ટાફના બીજા મિત્રો સાથે ટોળટપ્પાં કરવામાં બિઝી હતો. પંદર-વીસ મિનિટ સુધી પેલો માણસ રાહ જોતો રહ્યો. તે મનમાં અકળાઈ રહ્યો હતો. કેશિયર કેવો બિનજવાબદાર છે ! દૂરથી તેને કાઉન્ટર પાસે ઊભેલો આ માણસ દેખાતો હતો છતાં તેને કશી પરવા નહોતી. ડયુટી-અવર્સ દરમ્યાન સ્ટાફ મિત્રો ગપ્પાં મારીને કલાઈન્ટને હેરાન કરે એ નિયમ વિરૂધ્ધ હતું.

પેલા માણસનો રોષ વધતો જતો છતાં તે ખામોશ રહ્યો. તેણે વિચારી લીધું કે આ કેશિયર ને અવશ્ય પાઠ ભણાવવો પડશે. એ દિવસે પૈસા લઈને તે કશું જ બોલ્યા વગર ઘરે પાછો આવ્યો. પછી તેણે કેશિયરના નામે બેન્કના સરનામે એક સાદો પત્ર લખ્યો. એ પત્રમાં કોઈ પણ પ્રકારનો રોષ ન આવી જાય એની તેણે ચીવટ રાખી.

તેણે માત્ર એટલું જ લખ્યું હતું, ગઈ કાલે હું મારા સેવિંગ્સ એકાઉન્ટમાંથી રકમ ઉપાડવા બેન્કમાં આવ્યો ત્યારે તમે તમારા સ્ટાફમિત્રો સાથે કશીક અગત્યની ચર્ચામાં મગ્ન હતા. છતાં મને માત્ર પચ્ચીસ મિનિટમાં જ રકમ મળી ગઈ. બીજી કોઈ બેન્કમાં મારે આ કામ કરાવવાનું હોત તો ત્યાંના કેશિયરની બેફિકરાઈ અને બિનજવાબદારપણાને કારણે મારે ઘણો વધારે સમય કદાચ રાહ જોવી પડી હોત. તમે ચર્ચા અધૂરી મૂકીને આવ્યા અને મને રકમ આપી એમાં તમારી નિષ્ઠા અને સદભાવ મને દેખાયાં. હું તમારો આભાર માનું છું અને તમારી ફરજનિષ્ઠાને બિરદાવું છું. પોતાનું નામ, એકાઉન્ટ નંબર વગેરે લખ્યાં, પછી પત્ર પોસ્ટ દ્વારા મોકલી આપ્યો.

એકાદ અઠવાડિયા પછી આ માણસ બેન્કમાં ગયો ત્યારે પેલો કેશિયર ખૂબ ગળગળો થઈને તેને ભેટી પડયો, પોતાની બેદરકારી માટે માફી માગી અને ફરીથી કોઈની સાથે એવી બિહેવિયર નહિ કરવાની ખાતરી ઉચ્ચારી.

ગુસ્સે થઈને ગાળો બોલી શકાય, તેનું ઈન્સલ્ટ કરી શકાય, તેને નિયમો અને કાનૂન વિશે મોટા અવાજે વાત કરીને ઉતારી પાડી શકાય, થોડીકવાર માટે પોતાનો રૂઆબ બતાવી શકાય, ત્યાં ઊભેલા અન્ય અજાણ લોકો ઉપર વટ પાડી શકાય; પણ આ બધું કર્યા પછીયે કેશિયરને સુધારી શકાયો ન હોત. કદાચ તે વધુ બેફામ અને બેદરકાર એટલે કે નફ્ફટ થઈ ગયો હોત. પણ આ સફળ ઉપાય હતો.

આવી જ એક બીજી ઘટના છે. એક મેડમ સાડીઓના મોટા શોરૂમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં, પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગેરન્ટી ખોટી પડી. એ મેડમે પોતાના ડ્રાઈવર સાથે શોરૂમના માલિકને એક પત્ર મોકલ્યોઃ તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બિલ પરત મોકલું છું. તમારા શોરૂમના સેલ્સમેન ગેરન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે, પરંતુ બિલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલિંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરૂમની પ્રતિષ્ઠાને કલંક લાગે. એક સાડી બગડવાથી મને તે બે-ત્રણ હજારનું જ નુકસાન થયું છે, પણ એટલા જ કારણે  તમારા શોરૂમની પ્રતિષ્ઠા ઝંખવાય તો તમને મેટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમેન પર ભરોસો છે. કદાચ તેણે ભૂલથી મને વધુ પડતી ગેરન્ટી આપી હોય. તમે પ્રામાણિક વેપારી તરીકે વધુ કામિયાબ થાઓ એવી શુભેચ્છાઓ.

શોરૂમનો માલિક એ પત્ર વાંચીને ગદગદ થઈ ગયો. તેણે એ જ રાત્રે પોતાના સેલ્મેન દ્વારા વધુ કીમતી એક નવી સાડી મોકલી આપી, સાથે દિલગીરીના થોડાક શબ્દો પણ

ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરું, પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને ! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરી છીએ, આપણું બલ્ડપ્રેશર વધારી છીએ અને એટલું પછીયે પોઝિટિવ રિઝલ્ટની ગેરન્ટી તો નથી જ મળતી.

કોઈ પણ વ્યક્તિને પોતાનું અપ્રીસિએશન થાય એ ગમતું જ હોય છે. પોતે ખરાબ અને ખોટા હોવા છતાં ટીકા સાંભળવાની તૈયારી કદી નથી હોતી. કદર કરવામાં કરકસર કરવાની જરૂર નથી. કદર કરીને આપણે કેટલાક ચમત્કારો કરી શકીએ છીએ.

દરેક વખતે ચમત્કાર કરવા કુદરત પોતે આપણી સમક્ષ હાજર થતી નથી. કેટલાક ચમત્કાર તો માણસ દ્વારા જ કરાવે છે. શક્ય છે કે આપણા હાથે પણ આવો કોઈ ચમત્કાર કરાવવા ઉત્સુક હોય. ચમત્કાર કરવાનું આ સિમ્પલ લોજીક માફક આવી જાય તો આવેશની ક્ષણે પણ આપણે આત્મવિશ્વાસથી કહી શકીશું : નો પ્રોબ્લેમ !

**વિચારો એવા રાખો કે તમારા વિચાર પર પણ કોઈને વિચારવું પડે. સમુદ્ર બનીને શું ફાયદો, બનવું હોય તો "નાનું તળાવ" બનો ; જ્યાં સિંહ પણ પાણી પીવે તો ગરદન નમાવીને.**







# સ્વ. શ્રી પ્રેમચંદભાઈ મુલચંદભાઈ શેઠ

**બાંટવા (સોરઠ) સ્વર્ગવાસ : સંવત ૨૦૧૩ ભાદરવા સુદ - ૧૧**

**અમારા ઉજજ્વળ ભવિષ્યના તમે પાયા બન્યા**
**પ્રેરણા અને પ્રોત્સાહનના આપ સુકાની બન્યા**
**તમારી દીર્ઘદ્રષ્ટિ અને પૂર્તિની ધગશ બને છે**
**અમારા માર્ગદર્શન અને સંરક્ષક !**

**ધર્મપત્ની :** સ્વ. કુસુંબાબેન પ્રેમચંદભાઈ શેઠ

**પુત્ર-પુત્રવધૂ :** સ્વ.મનુભાઈ - મધુબહેન - ભીખુભાઈ - રંજનબેન

**પુત્રી-જમાઈ :** લાભકુંવરબહેન - મગનલાલ શેઠ, ધીરજબહેન - લલ્લુભાઈ વસા
ચંદ્રિકાબહેન - હિંમતલાલ ધ્રુવ

**પૌત્ર-પૌત્રવધુ :** મિલનભાઈ - સ્વાતિબહેન, નિલેશભાઈ - અલ્પાબહેન, મયુરભાઈ - પલ્લવીબહેન

**પૌત્રી-જમાઈ :** જલ્પાબહેન - તિથૈશભાઈ શાહ, અલ્પાબહેન - સુજીતકુમાર શાહ,
ભારતીબહેન - અજયભાઈ દોશી **પ્રપૌત્ર :** જલજ, રીવા, પ્રચિત

**મનુભાઈ પ્રેમચંદ શેઠ**
13/1506 ધ એડ્રસ, બી/૪
એલ.બી.એસ. માર્ગ, આર. સીટી મોલની સામે,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬
મો.: ૯૮૧૯૧૯૮૫૭૩

Kayami - Sept

## સમાજનું ગૌરવ : ડૉ.સ્વપ્નીલ સંદીપ મહેતા



ડૉ.સ્વપ્નીલ મહેતાએ ઓગષ્ટ ૨૦૨૩ માં NYU થી Data Science માં Ph.D સંપૂર્ણ કર્યુ છે. ૨૭ વર્ષની ઉમરે ૪ વર્ષથી ઓછા સમયમાં આ સિદ્ધિ હાંસલ કરનાર થોડા લોકોમાં તે એક છે. તેઓ હવે MIT અને બોસ્ટન યુનિવર્સિટીમાં સંશોધન કરી રહ્યા છે. તેઓ SimPPL.ORG ના સ્થાપક પણ છે, મુખ્યત્વે CSMAP ખાતે, Oxford TVG અને Integrity Institute ના લોકો સાથે સહયોગ કરે છે. તેમનું સંશોધન મશીન લર્નિંગ અને કારણભૂત અનુમાનના સાધનોનો ઉપયોગ કરીને સામાજિક નેટવર્ક્સ પર અસ્પષ્ટ માહિતીને મર્યાદિત કરવા સાથે સંબંધિત છે: (૧) નીતિ દરમિયાનગીરીની સાધક અસરોનો અંદાજ (૨) સામગ્રી ભલામણ અલ્ગોરિધમ્સની અસરનું ઓડિટીંગ (૩) પ્રેક્ટિશનરો અને નીતિ નિર્માતાઓ માટે નાગરિક અખંડિતા સાધનોનું નિમાર્ણ તેમણે ટ્વિટર સિવિક ઈન્ટિગ્રિટી, એડોબ રિસર્ચ સાથે ઈન્ટર્ન કર્યું છે અને CERN ખાતે પાર્ટિકલ ફિઝિકસ માટે મશીન લર્નિંગ પર કામ કર્યુ છે. તેણે Simppl.org (વાંચોઃ સિમ પીપલ) ની સ્થાપના કરી, એક સામૂહિક જે Parrot Report જેવા વધુ સારા નાગરિક અખંડિતા સાધનોનું નિર્માણ કરે છે. તેઓએ ધ સન્ડે ટાઈમ્સ. ઈપેન મીડિયા, ડોઈશ વેલે, ધ યેલ ડેઈલી ન્યુઝ, વર્મોન્ટ ડિગર અને અન્ય સાથે કામ કર્યું છે જેમકે:

(૧) સામાજિક નેટવર્ક્સ પર તેમના પ્રેક્ષકોને વધુ સારી રીતે સમજવા ન્યૂઝરુમને સમર્થન આપવું. (૨) અવિશ્વનીય સમાચારના ફેલાવાનો અભ્યાસ કરો અને પ્રભાવની કામગીરીને ઓનલાઈન ઓળખો. SimPPL ને વિકિમીડિયા ફાઉન્ડેશન દ્વારા ભૌતિક રીતે આધારભૂત છે. ડૉ. સ્વપ્નિલ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપે છે અને યુનિકોડ સંશોધન સાથે સહયોગી સંશોધન કરે છે. આ ટીમનો જન્મ પિતૃ સંગઠનમાંથી થયો હતો. તેણે ડીજે યુનિકોડ તરીકે ઓળખાતા અંડરગ્રેડ્સને ઓપન-સોર્સ ડેવલપમેન્ટ શીખવવા માટે 2017 માં યુનિકોડ રિસર્ચની સહ-સ્થાપના કરી. છેલ્લા 5 વર્ષની તેમની ઉલ્લેખનીય કારીગરી ની હાઈલાઈટ : 2023 ઈન્ટિગ્રિટી ઈન્સ્ટિટ્યૂટના સહ-લેખક GeAI પર બ્લોગ પોસ્ટ પારદર્શિતા શ્રેષ્ઠ પ્રેક્ટિસડેક મેટાના કીવર્ડ-આધારિત અમલીકરણની બાબત પર દેખરેખ બોર્ડને પ્રતિસાદ Google Cloud બ્લોગ પર ઉલ્લેખ મળ્યો !

AI2Amplify ફેલોશિપ તેમજ તેમની હેકાથોન જીતી! ઈન્ટિગ્રિટી ઈન્સ્ટિટ્યૂટમાં સ્વીકૃત. Google Research Inovator એવોર્ડ મેળવ્યો. અહીં વૈશિષ્ટિકૃત બ્લોગ પોસ્ટ સાથે Parrot Report ના વિસ્તરણ માટે WikiCred (વિક્મિડિયા) ભંડોળ પ્રાપ્ત થયું ડોઈશ વેલે અકાદમી સ્ટાફ અને ભાગીદારો માટે બહુવિધ વાર્તાલાપ, વર્કશોપનું આયોજન. 2022 ICLR 2023 માં સ્વીકૃત એજન્ટ -આધારિત મોડલ્સ માટે AI પરની અમારી વર્કશોપ! યુનિકોડ રિસર્ચ સેમિનાર દ્વારા સોશિયલ નેટવર્ક વિશ્લેષણ કરવા માટે ભારત જેવા બહુભાષી દેશોમાંથી અંડરગ્રેડની તાલીમ ML માં સંશોધન સહયોગને વિસ્તૃત કરવા પર NeurIPS 2022 વર્કશોપનું સહ-આયોજન. તેમના અલ્મા મેટર, ડી જે સંઘવી કોલેજ ઓફ એન્જિનિયરિંગ માં બોર્ડ ઓફ સ્ટડીઝમાં પદ સ્વીકાર્યું. સામાજિક નેટવર્ક્સ પર ડિસઈન્ફોર્મેશનને મર્યાદિત કરવા માટેના સાધનો પર તેમના સંશોધનને અહીં પ્રસ્તુત કરવા આમંત્રિતઃ MIT Media Lab Misinfo. Village @ DEFCON 2022 Truth And Trust Online Graphika પ્રથમ Stanford Trust ad Safety Research Conference માં ટ્વિટરના હસ્તક્ષેપની કારણભૂત અસરોનો અભ્યાસ કરવા પર આ કાર્ય પ્રસ્તુત કર્યું. ઓક્સફોર્ડ અને CSMAP સાથોનો આ પેપર સામગ્રી રેન્કીંગ પર પ્રભાવ કામગીરીની અસરોનો અભ્યાસ કરે છે અને ICML2022 ખાતે એજન્ટ-આધારિત મોડલ્સ વર્કશોપ માટે AI ખાતે મૌખિક (ટોચના ૩/૨૬ પેપર્સ) માટે સ્વીકારવામાં આવેલી ભલામણો.

તેમણે ટ્વીટસમાં ખોટી માહિતીની વહેલી શોધ પર કામ કરતી ટ્વિટરની સિવિક ઈન્ટિગ્રિટી ટીમમાં ઈન્ટર્ન કર્યું છે. SimPPL પર પ્રારંભિક કાર્યઃ પ્રોબેબિલિસ્ટિક પ્રોગ્રામ્સ સાથે સોશિયલ નેટવર્ક ઈન્ટરવેન્શન્સનું અનુકરણ કરવા માટે પ્રસ્તુતિ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતાઃ ટ્વિટરની કોર્ટેક્સ સંસ્થા.

ફેસબુકની સંભાવના સંસ્થા તેમને Microsoft ની Azure ML ટીમ સાથે ડેટા સાયન્ટિસ્ટ ઈન્ટર્ન બનવાની ઓફર મળી કોવિડ - ૧૯ માટે કમ્પાર્ટમેન્ટલ મોડલ્સ અને પોલિસી દરમિયાનગીરી દ્વારા નિયંત્રણ PROBPROG 2021 MIT ખાતે સ્વીકારવામાં આવ્યું. એડોબ રિસર્ચ સાથે વિડિઓ માટે ઓપન ડોમેન ટ્રેન્ડિંગ હેશટેગ ભલામણ ને મલ્ટિમીડિયા માટે આંતરરાષ્ટ્રિય સિમ્પોસિયમ, 2021 માં સ્વીકારવામાં આવી હતી. ૨૦૧૯-૨૦૨૦ તેBEL લેબમાં મે-ડિસેમ્બર ૨૦૨૦ થી Adobe રિસર્ચમાં ડેટા સાયન્સ રિસર્ચ ઈન્ટર્ન હત્યા. IRIS-HEP ફેલોશિપ, ૨૦૧૯ પ્રાપ્ત કરી યુનિકોડ સંશોધન શરુ કર્યું.

ટેકનોલોજી પર પ્રકશિત થયેલા લેખો માટે ઓપન સોર્સ ફોર યુ (OSFY) મેગેઝિન માટે તેઓએ યોગદાન આપ્યું મુખ્ય હાઈલાઈટ : પાર્ટિકલ ફિઝિક્સ અને મશીન લર્નિંગ સંશોધનને આગ વધારતી આંતરરાષ્ટ્રીય સંશોધન લેબમાં યુરોપમાં કામ કર્યું. ૨૦૧૯ માં ડેટા સાયન્સમાં પીએચડી પ્રોગ્રામ શરુ કર્યો એડોબ રિસર્ચ, ટ્વિટર, સ્લેક ખાતે ઈન્ટર્ન કરેલ એક્સફોર્ડ યુનિવર્સિટીમાં મુલાકાતી સંશોધક તરીકે આમંત્રિત પેપર્સ પ્રકાશિત કર્યા અને સ્ટેનફોર્ડ,MIT, Facebook, Twitter અને Google પર વાર્તાલાપ આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. વિકિમીડિયા ફાઉન્ડેશન, ગૂગલ, એમોઝોન, જર્મનીના સરકાર તરફથી અનુદાન મેળવ્યું. Google DeepMind અને Genentech દ્વારા ભંડોળ પુરું પાડવામાં આવેલ AI વિશે સેંકડો વિદ્યાર્થીઓને શીખવવું UK સરકાર અને આગ્રણી ટેકનોલોજી કંપનીઓ સમક્ષ તેમનું કાર્ય રજૂ કરવા આમંત્રણ. ઓનલાઈન સલામતી સુધારવા અને નકલી સમાચારનો ફેલાવો ઘટાડવા વૈશ્વિક બિનનફાકારક સંસ્થાઓ સાથે કામ કર્યા.

પિતા : સંદિપ કે મહેતા શિક્ષણ : B E કમ્પ્યુટર્સ કાર્ય : HDFC ERGO જનરલ ઈન્સોરન્સ સાથે એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ માતા : વૈશાલી એસ મહેતા શિક્ષણ : ચાટર્ડ એકાઉન્ટન્ટ, પ્રમાણિત યોગા અને પ્રાણાયમ શિક્ષક

ભાઈ : હર્ષિત એ મહેતા

શિક્ષણ : B E ઈલેકટ્રોનિક્સ

કાર્ય : ટેકનિકલ પ્રોજેક્ટ મેનેજર, મેક્સવેલ એનર્જી

## શ્રદ્ધાંજલી



: જન્મ :
૨૯-૧૦-૧૯૩૬

: સ્વર્ગવાસ :
૧૦-૦૯-૨૦૦૧





# સ્વ.શ્રી નવીનચંદ્ર ઈશ્વરલાલ શેઠ

જૂનાગઢ નિવાસી - હાલ સાયન

**તમે આવ્યા અમારા જીવનમાં, ફુલછડી બનીને,**
**ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા, યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,**
**જોઈ તસવીર તમારી, આંસુ ઊભરાય છે, આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ,**
**ઉદારતા, કાર્યકુશળતા, કુટુંબપ્રેમ સદા અમારા હ્રદયમાં રહેશે.**
**સમગ્ર પરિવાર પર આપના આશીર્વાદ કાયમ રહે એજ અભ્યર્થના**

---

**માતુશ્રી : સ્વ. મંગળાબેન ઈશ્વરલાલ શેઠ ● પિતાશ્રી : સ્વ. ઈશ્વરલાલ હરખચંદ શેઠ**

**પત્ની : શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર શેઠ (મુંબઈ)**

**પુત્ર : તેજસ નવીનચંદ્ર શેઠ ● પુત્રવધૂ : શીતલ તેજસ શેઠ ● પૌત્ર : દર્શ તેજસ શેઠ**

**પુત્રી-જમાઈ : શીલ્પા - મિલીન્દ, શીતલ - ગૌતમ ● દોહીત્રી : નિયોતી, અપાર, નિરાલી, નિધિ, કુંજલ**

**ભાઈ-ભાભી : વસંત - સાધના, ધીરેન - નીતા, યતિન્દ્ર - નીતુ, શૈલેષ - જ્યોતિ, સ્વ. પિયુષ**

**બહેન-બનેવી : ભાનુમતી ગુણવંતલાલ, હંસા જગદીશભાઈ તેમ જ**

**સર્વે કુટુંબીજનો તથા મિત્રમંડળની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

---

**નિવાસસ્થાન :** શ્રી નવીનચંદ્ર ઈશ્વરલાલ શેઠ, ૨૭૨ / ૨૭૩, હિંદ રાજસ્થાન શોપિંગ સેન્ટર,
૧લે માળે, બ્લોક નં.૧, સાયન હોસ્પિટલની બાજુમાં, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૨
મો.: ૯૮૧૯૪૯૮૯૮૦ / ૯૮૨૧૩૪૯૧૭૭

**શ્રી ઈશ્વરલાલ હરખચંદ શેઠ પરિવાર**

Kayami - Sept

# જિન વચનની તાકાત.
# પૂ.પં. શ્રી ભવ્યસુંદર વિ.મ.સા.ના પ્રવચનના અંશો
## ક્રિયાનું ફળ - ૬ સંસ્કાર

**સંકલન : શ્રી મધુકાંતભાઈ ભીમાણી (મુલુંડ)**

દસેક દિવસથી એક જ વિષય આપણે વિચાર્યો છે - ભાવ વિનાની ધર્મક્રિયાના લાભ શું ? કદાચ તમને એમ લાગે કે આ વ્યાખ્યાન સાંભળવાથી અમને સાક્ષાત્ લાભ શું ? અમારા જીવનમાં કોઈ ફેરફાર કરવાની વાત તો આપ કરતા નથી. તેનો જવાબ એ છે કે કેટલીક પ્રેરણાઓ સાક્ષાત અસર કરે કેટલાક પદાર્થો સમજાય, તો સાક્ષાત્ અસર નથી કરતા - તેવું ભલે લાગે, પણ લાંબા ગાળે તેના ઘણા મોટા ફાયદા થઈ શકે છે. ભાવ વિનાની ક્રિયાના લાભ તમને સમજાઈ જશે, તો તમારી ક્રિયા પરની શ્રદ્ધા કદી ડગશે નહીં...ક્રિયાને તમે કદી છોડશો નહીં...કોઈ તમને કુતર્કથી સમજાવવાનો પ્રયાસ કરે કે 'ક્રિયા નકામી છે', તો તમે જડબાતોડ જવાબ પણ કદાચ આપી શકશો..કોઈ વ્યક્તિ ક્રિયાથી ભ્રષ્ટ થઈ રહી હોય, તો તેને સમજાવીને તમે સ્થિર કરી શકશો... આ બધા ઘણા મોટા લાભ છે.

જેન ક્રિયાનું લાભનું જ્ઞાન નથી, તે પ્રચારથી ભરમાઈને માર્ગભ્રષ્ટ થાય, તેવી શક્યતા છે.

સભાઃ આપ ક્રિયાના આટલા બધા લાભ બતાવો, તેની અસર એવી ન આવે કે તો પછી ભાવની જરૂર જ નથી ?

આપણે દરેક પ્રવચનની શરૂઆત એ વાતથી જ કરી છે કે ભાવ વિનાની ક્રિયા નિષ્ફળ છે-મુખ્ય ફળ મળતું નથી. તોપછી તમે કહ્યું તેવું અર્થઘટન થવાની સંભાવના જ ક્યાં છે ?

અને આપણે હજુ શ્લોકનો પૂરો અર્થ કર્યો પણ નથી.

ક્રિયાના લાભ બતાવ્યા પછી, ભાવ ન હોય તો કયું ફળ ન મળે ? ભાવ એટલે શું ? તે કેવી રીતે લાવવાનો ? તે બધી વાત હું કરવાનો જ છું - એ મે કહ્યું જ છે. અત્યારે તો તેની ભૂમિકા જ બાંધી રહ્યો છું. ભાવના માહાત્મયને સાંભળીને ક્રિયા છોડી નથી દેવાની...ભાવ ન આવતા હોય, તો હતાશ નથી થઈ જવાનું...તે જ સમજાવી રહ્યો છું.

ક્રિયાનાં બે ફળ આપણે જોયા

(૧) પાપબંધ અટકે.

(૨) પુણ્યબંધ થાય.

ક્રિયાથી થતો ત્રીજો લાભ એ છે કે શુભ સંસ્કાર પડે છે. સંસ્કારનો અર્થ શું ? તમને દૃષ્ટાંતથી સમજાવું. દેવસિઅ પ્રતિક્રમણની વિધિ ઘણાને આવડતી હશે. હું તમને પ્રશ્ન કરૂં - મુહપત્તિ પછી વાંદણા... વાંદણા પછી શું ? તમે તરત પ્રશ્ન કરશો- કઈ મુહપત્તિ ? ત્રીજા આશ્યકની કે છટ્ઠા આવશ્યકની ? ત્રીજા આવશ્યકની મુહપત્તિ-વાંદણા પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં ? આવે છે. છટ્ઠા આવશ્યકની મુહપત્તિ -વાંદણા પછી સામાયિક, ચઉવિસત્થો.. આવે છે.

મારે તમને એ પૂછવું છે- પ્રતિક્રમણ કરતા વખતે વાંદણા આપ્યા પછી એ પ્રશ્ન થાય છે ? કે કઈ મુહપત્તિ હતી ? ના. સીધું જ આગળનું સૂત્ર આવે છ. એવું કેમ બને છે ? તેનું કારણ સંસ્કાર છે.

જેને તેવા સંસ્કાર નથી, વિધિ ગોખીને પ્રતિક્રમણ કરતો હોય, તેને કદાચ યાદ કરવું પડે કે હવે શું આવશે ? જેને અનેક વાર પ્રતિક્રમણ કર્યું હોવાથી સંસ્કાર છે, તેને યાદ કરવું પડતું નથી.

સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ આ વાક્ય બે સૂત્રમાં આવે છે- લોગસ્સ અને સિદ્ધાણં બુદ્ધાણં. ચાર થોય કરો, ત્યારે લોગસ્સ સૂત્રમાં તે બોલ્યા પછી સવ્વલોએ અરિહંત ચેઈઆણં બોલવાનું હોય છે, સિદ્ધાણં બુદ્ધાણં માં તે બોલ્યા પછી વેયાવચ્ચગરાણં બોલવાનું હોય છે.

તે વાક્ય બોલ્યા પછી યાદ કરવું પડે ? કયા સૂત્રનું વાક્ય બોલ્યો ?

ના. સંસ્કારથી સીધું આગળનું સૂત્ર બોલાય છે.

આ વાત એ છે કે ક્રિયાથી સંસ્કાર પડે છે, અને સંસ્કાર ક્રિયાને સરળ બનાવે છે.

ગઈ કાલે વાત આવેલી-સંઘમાં ૨૮૫ વર્ષીતપ થયેલા. જેમણે વર્ષીતપ કર્યો હતો, તેમને પૂછજો-પહેલા છટ્ઠમાં... શરૂઆતના ૪-૫ ઉપવાસમાં સાંજે ભૂખ લાગતી હતી ? અશક્તિ લાગતી હતી ? જવાબ પ્રાયઃ હા માં હશે. કદાચ માથું-પગ દુઃખ્યા હશે... કો'કને પારણું કરવાનો વિચાર પણ આવી ગયો હશે. મહિનો થઈ ગયા પછી શું હતું ? તે પૂછશો, તો પ્રાયઃ જવાબ એ હશે કે પછી ઉપવાસ સહજ થઈ ગયેલો. ખાવાનું પણ યાદ ન આવે... બરાબર ?

તેનું કારણ શું ? ૧ મહિના સુધી કરેલા ઉપવાસે સંસ્કાર ઊભા કર્યા, (અથવા ખાવાના સંસ્કાર ઘટાડયા) જેનાથી આગળનાં ઉપવાસ સરળ બની ગયા.

વ્યાખ્યાનમાં સામાયિક કરવાની પ્રેરણા કરી, ત્યારે ઘણાંની વાત હતી-કપડા બદલવાની આળસ છે. તેમને જ પૂછો-પૂજા કરવા માટે કપડાં બદલવાની આળસ આવે છે ? નહીં કેમ નહીં ?

કારણકે તેના સંસ્કાર છે. નાનપણથી એ સંસ્કાર છે કે સ્નાન કરો, એટલે પૂજાનાં કપડાં પહેરવા.

એક વાર સંસ્કાર પડે, પછી તે આરાધના માટે વિશિષ્ટ પુરુષાર્થ નથી કરવો પડતો. સામાન્ય પુરુષાર્થથી તે આરાધના થઈ જાય છે.

વ્યાખ્યાનનો સમય આપણે ૭.૩૦ ને બદલે ૮.૩૦ કર્યો. કેટલાક લોકોને શરૂઆતમાં એડજસ્ટ કરવું અઘરૂં લાગ્યું હશે. પણ થોડા દિવસો જાય, પછી સરળ બની જાય છે. કેમ? સંસ્કાર બદલાઈ જાય છે.

ક્રિયાથી પાપબંધ અટકે, પુણ્યબંધ થાય-એ નાનું ફળ છે. ક્રિયાથી સંસ્કાર પડે છે- એ બહુ મોટું ફળ છે. કારણકે એ સંસ્કાર ક્રિયાને ખેંચી લાવે છે, ટકાવે છે, સરળ બનાવે છે... જે આગળ જતાં ભાવને લાવવાનું કારણ બને છે.

તમારો દિકરો સ્હેજ મોટો થાય-૨/૩ વર્ષનો થાય, એટલે તમે પ્રભુની પૂજા કરાવતા હશો. તેનામાં શું ભાવ હોઈ શકે? પ્રાયઃ કાંઈ નહીં. તેને ભગવાન એટલે શું? તે ખબર નથી હોતી. તમારા શીખવાડવાથી તે ભગવાન નામ જાણે છે-બોલે છે. પૂજા શા માટે કરવાની ? તેની તેને ખબર નથી હોતી. તમારા પ્રત્યેના વિશ્વાસથી -લાગણીથી તમે કહો તેમ કરે છે. ભાવ તો કાંઈ હોતો નથી. તો શા માટે પૂજા કરાવો છો?

સભાઃ સંસ્કાર પડે.

તેનાથી શો લાભ થાય? એ જ કે મોટો થયા પછી પૂજા કરવાની આળસ નહીં આવે.. રોજ કરતો રહેશે. એમ કરતાં ભગવાનને ઓળખશે, પૂજા શા માટે કરવાની? તે સમજશે... એ રીતે ભાવ પેદા થશે.

જેને બાળપણથી પૂજાના સંસ્કાર નથી, એને મોટા થયા પછી પૂજા કરવાનું મન નહીં થાય... પૂજા કરશે જ નહીં, તો ભાવ ક્યાંથી જાગશે?

તમે પણ બાળક જેવા નથી? કદાચ સમજણ ન હોય, તો પણ સંસ્કાર પાડવા માટે ક્રિયા કરવાની છે.

ધર્મક્ષેત્રમાં બાળ કોને કહેવાય? જેની સમજણ વિકસિત નથી થઈ, તે ભધાને બાળ કહેવાય છે - ઉંમર ભલે ગમે તે હોય.

ક્રિયાના સંસ્કાર પણ શું લાભ કરાવે?

શાસ્ત્રમાં વલ્કલચીરીનું દૃષ્ટાંત છે. ગઈકાલે જે પ્રસન્નચંદ્ર રાજર્ષિની વાત કરેલી તેના નાના ભાઈ હતા. તેમના માતા-પિતાએ તાપસ દીક્ષા લીધેલી. જગલમાં-આશ્રમમાં જ તેમનો જન્મ થયેલો. ત્યાં જ મોટા થયેલા. વલ્કલ એટલે ઝાડની છાલ. તેના વસ્ત્રો પહેરતા હોવાથી જ વલ્કલચીરી એવું નામ પડેલું. માતા-પિતાના મૃત્યુ પછી પ્રસન્નચંદ્ર તેમને નગરમાં લઈ આવ્યા, યુવરાજ બનાવ્યા. તે પછી એક વાર જંગલમાં ગયા, ત્યારે ત્યાં પોતાની ઝૂંપડી જોઈ. બાળપણ યાદ આવ્યું. ઝૂંપડીમાં જે વાસણો હતા, તેના પર એક લાગણી હતી. તેને કપડાથી તેના પરની ધૂળ સાફ કરવા માંડયા.

એમ કરતાં કરતાં તેમને થયું-મેં આવું ક્યાંક કર્યું છે... તેમાંથી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં સાધુ હતા પડિલેહણ કરતા હતા... એ યાદ આવ્યું. શુભ અધ્યવસાયોની ધારા ચાલી, અને કેવળજ્ઞાન પામી ગયા!

પડિલેહણની ક્રિયાના સંસ્કારે તેમને કેવળજ્ઞાન સુધી પહોંચાડયા!

સભાઃ પૂર્વભવમાં આરાધના કરી તો પણ ન થયું, અને આ ભવમાં આટલી વારમાં થઈ ગયું?

તમે એવો પ્રશ્ન કરો કે પચ્ચીસમાં ભવે ભગવાને એક લાખ વર્ષ સુધી માસક્ષમણ કર્યા, તો પણ કેવળજ્ઞાન ન થયું...અને સત્યાવીસમાં ભવે સાડાબાર વર્ષના તપથી થઈ ગયું? તો શો જવાબ આપવાનો? જીવ જ્યારે આંતરિક વીર્ય ફોરવે છે, અધયવસાયોને ચડાવે છે. ત્યારે કેવળજ્ઞાન થાય છે. એવું વીર્ય પૂર્વ ભવમાં નહીં ફોરવ્યું હોય, તેથી કેવળજ્ઞાન ન થયું. આ ભવમાં ફોરવ્યું, તે થયું

સભા : આ ભવમાં કેમ ફોરવ્યું?

મેં તેમને જણાવેલું કે પુરૂષાર્થનું કારણ નથી હોતું. આ હાથ મેં ઊંચો કર્યો, તેનું કારણ શું? મારે કરવો હતો, એટલે મેં કર્યો. તેનું કોઈ કારણ ન હોય. તેમ, જીવ સ્વયં પુરૂષાર્થ કરે છે, તેનું કોઈ કારણ નથી હોતુ.

સભા : તેમાં પુણ્ય કામ ન કરે?

જરાય નહીં. પુણ્ય ધર્મની સામગ્રી આપી શકે, ધર્મ કરાવે નહીં. ધર્મ કરવાનો આપણે પોતે હોય છે -એ વાત મેં તમને વિસ્તારથી કરી જ છે.

સભા : પૂર્વભવનો પુરૂષાર્થ કામ ન કરે?

તે સંસ્કાર દ્વારા જ કરે. તેની વાત તો હું કરી જ રહ્યો છું. સંસ્કારો બીજ બને છે, પછી આપણે પુરૂષાર્થ કરવાનો હોય છે- એ વાત મેં કરેલી હતી જ. આપણી વાત સંસ્કારીથી થતા લાભની ચાલે છે. નાગકેતુની કથા પર્યુષણમાં તમે સાંભળો છો. તાજા જન્મેલા -ઘોડિયામાં રહેલાં બાળકને અઠ્ઠમ કરવાનું મન કેમ થયું?

આગલા ભવમાં અઠ્ઠમ કરવાની ભાવનામાં મૃત્યુ થયેલું. આ ભવમાં અઠ્ઠમ શબ્દ સાંભળતા એ સંસ્કારો જાગ્રત થયા અને અઠ્ઠમ ઝુકાવી દીધો. તેના નિમિત્તે રાજા પણ પ્રતિબોધ પામ્યો અને આગળ જતાં એ જ ભવમાં કેવળજ્ઞાન થયું.

અઠ્ઠમ શબ્દના સંસ્કારે કેટલું કામ કર્યું?

સમડી વિહારની કથા તમે સાંભળી છે. મરતી એવી સમડીને મુનિ ભગવંતે નવકાર સંભળાવ્યો. પછીના ભવમાં શ્રીલંકાની

રાજકુમારી થઈ. રાજસભામાં ભારતથી આવેલા શેઠને છીંક આવતા નમો અરિહંતાણં બોલ્યા. એ સાંભળતા જ પૂર્વ ભવના સંસ્કાર જાગ્રત થયા, પ્રતિબોધ પામી

સભા : એક વાર સાંભળવાથી આટલા સંસ્કાર પડે ?

મુનિ ભગવંતે વારંવાર સંભળાવ્યો હોય-તે સંભવિત છે જ. અને અનેક વારની ક્રિયાથી જેમ સંસ્કાર પડે, તેમ એક જ વારની તીવ્ર ઉપયોગ પૂર્વકની ક્રિયાથી પણ સંસ્કાર પડે છે. હું તમને પૂછું -કોઈજ ચીજ, કોઈક સ્થળે એક જ વાર ખાધી હોય, છતાં યાદ રહી જાય-તેવું બને ?

સભા : હા. દાઢે વળગી હોય, તો બને.

અર્થાત તમાં તીવ્ર ઉપયોગ હતો, તો યાદ રહી જાય. સમડીએ નવકાર સાંભળવામાં ઉપયોગ દૃઢ રાખ્યો હશે-તેથી જ સંસ્કાર પડી ગયા.

સભા : અત્યારના કાળે કેમ કોઈને આવા સંસ્કાર જાગ્રત નથી થતા ?

કોઈને નથી થતાં - તેવું કોણે કહ્યું ? ઘણાંને થતા હોય છે. જાતિસ્મરણ જ્ઞાન થયું હોય, તેવા ઘણા કિસ્સા નોંધાયેલા છે.

સભા : અમને જાગ્રત નથી થતા.

તમે તેવા ઉપયોગપૂર્વક આરાધના નહીં કરી હોય - સંસ્કાર નહી પાડયા હોય - તેવું સંભવિત છે.

આ હુંડા અવસર્પિણીમાં પાંચમાં આરામાં વિરાધક જીવો જ મોટે ભાગે જન્મ પામે છે. આરાધના સારી કરી હોય, તે તો મહાવિદેહમાં જ જન્મે. અને વ્યક્તરુપે યાદ ન આવતું હોય છતાં, અવ્યક્તરુપે સંસ્કારો કામ કરતાં હોય - તેવું બને છે જ. મન એક યુવાન મળેલો. સંગીતમાં જેને કીબોર્ડ કહેવાય છે, તે વગાડતો હતો. આમ તો એ વગાડતા શીખવું પડે. પણ એને કુદરતી જ આવડી ગયેલું - કોઈ પદ્ધતિસરનાં શિક્ષણ વિના જ! બની શકે- પૂર્વ ભવમાં હાર્મોનિયમ આવડતું હોય, તેના સંસ્કાર જાગ્રત થયાં હોય!

મુંબઈમાં એક શ્રાવક છે. તેમને જાતિ સ્મરણ જ્ઞાન થયેલું છે. પૂર્વ ભવમાં કૂકડો હતો. કસાઈને ત્યાં મરવા માટે રાખેલો. ઘરાક આવતાં કસાઈએ ડોક મરડી. ત્યારે જ રસ્તા પરથી જતાં સાધુ ભગવંતનાં દર્શન થયા. એના પ્રભાવે શ્રાવક કુળમાં જન્મ મળ્યો !

સભા : અમે રોજ દર્શન કરીએ છીએ. અમને તો કંઈ લાભ થતો નથી. લાભ નથી થતો-એમ તમે શી રીતે નક્કી કર્યું ? આ મુલુંડમાં ઝવેર રોડમાં મારા ગુરુદેવ પાસે એક યુવાન આવેલ. ફરિયાદ કરી-આટલો બધો ધર્મ કરું છું - કાંઈ લાભ થતો નથી. ગુરુદેવે કહ્યું -હમણાં જ વાસુપૂજ્ય સ્વામી ભગવાન પાસે જઈને પ્રાર્થના કર મેં આ ભવમાં જેટલો ધર્મ કર્યો છે, તેનું ફળ હમણાં ને હમણાં મળો... અને જેટલાં પાપ કર્યા છે, તેનું ફળ પણ હમણાં ને હમણાં મળો.... પેલો યુવાન કહે - પાનું ફળ નથી જોઈતું. ગુરુદેવે કહ્યું - આટલાં બધાં પાપ કર્યા છે, છતાં તેનું કોઈ ફળ નથી મળતું; તે શેનો પ્રભાવ છે ? મારે એ કહેવું છે-પાપો કદાચ એવા કર્યા છે કે ઘરની બહાર નીકળ્યા પછી હેમખેમ પાછા ન આવીએ. આવીએ છીએ, તે ધર્મનું જ ફળ છે. મોટાભાગની પ્રજા દુઃખી છે, તમે સાધન સંપન્ન છો; તે શેનું ફળ છે ? અરે ! અત્યંત દુર્લભ એવાં જિનવચનો સાંભળવા મળે ઠે, તે શેનું ફળ છે ? હું તમને કહીશ - આ જગતમાં કિંમતીમાં કિમતી કોઈ ચીજ હોય, તો જિનવચન છે. આ ભવમાં સમાધિ પરભવમાં સદ્‌ગતિ અને મોક્ષ -આ બધું આપવાની તાકાત માત્ર જિનવચનમાં છે. તેનાથી વધુ કિંમતી ચીજ આ જગતમાં કોઈ નથી. સંસ્કારના લાભ શાસ્ત્રમાં જણાવ્યા છે. શેઠનો દિકરો નાસ્તિક હતો -દર્શન કરવા પણ ન જાય.

અનિચ્છાએ પણ દર્શન થાય, તે માટે શેઠે ઘરની બારસાખ પર પરમાત્માની પ્રતિમા મૂકાવી. પૂર્વના કાળે ઘરના દરવાજા નીચા રહેતા. અંદર જવા માટે નમીને જવું પડે. ત્યારે સામે રહેલ પ્રતિમાનાં દર્શન થઈ જાય. નાસ્તિકતાના કારણે દિકરી મરીને માછલા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં પ્રતિમાના આકરનું માછલું જોવાથી જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું - પ્રતિબોધ પામી ગયો ! તમારા પણ સંસ્કારો કામ કરે જ છે. તમે રસ્તામાં જતા હો, અને મહાત્મા દેખાય; તો હાથ જોડાઈ જ જતા હશે. હાથમાં બેગ હશે, તો પણ માથું નમી જતું હશે. એ શેનાથી થાય છે ? નાનપણથી મળેલા સંસકારો જ એ કામ કરાવે છે. તેના માટે કોઈ વિશેષ પુરૂષાર્થ કરવો નથી પડતો. સાધુને સપનાં આવે ? આવી શકે. પૂ.કલાપૂર્ણસૂ.મ. ના પુસ્તકમાં હમણાં વાચ્યું - તેમને સપનું આવ્યું - ચારે બાજુ નિગોદ છે. તેમાં વચ્ચે જે જીવરહિત જગ્યા હતી, ત્યાં જ તેમણે પગ મૂક્યો. સપનામાં પણ આવું કોણ કરાવે ? જીવદયાના સંસ્કાર જ ! પૂ.ભુવનભાનુ સૂ.મ.સા, કાળધર્મ પામ્યા, તેની થોડી મિનિટો પૂર્વે જ દર્શન કરવા ગયેલા પૂ. અમરગુપ્ત સૂ.મ.સા. એ લખ્યું છે. તેમણે જોયું કે એ અવસ્થામાં પમ પડખું ફેરવતાં પૂર્વે તેમણે રજોહરણથી પીઠ અને સંથારો પૂંજ્યો. ક્રિયાનું આ પ્રચંડ ફળ છે - સંસ્કાર જે ક્રિયાને સરળ બનાવે છે. ક્રિયાથી થતા પુણ્યબંધની વાત કરેલી. પાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર જાણો છો. પાશ્વજ્ઞકુમારે નાગને નવકાર સંભળાવ્યો. નાગને શું ભાવ હશે ? તેને નમો અરિહંતાણં શબ્દોના અર્થની ખબર નથી. અરિહંત એટલે શું ? તે ખબર નથી. સામે રહેલ વ્યક્તિને ઓળખાતો નથી.

માત્ર આ લોકો મારા હિત માટે કાંઈક સંભળાવે છે.. એવો ભાવ હશે. તેવા ભાવપૂર્વકની શ્રવણની ક્રિયાએ પણ તેને નાગકુમારના ઈન્દ્ર તરીકે ગોઠવી દીધો. નાનકડી ક્રિયાની પમ કેવી પ્રચંડ તાકાત છે !

## શ્રધ્ધાંજલી







# માતુશ્રી ચંદનબહેન મનસુખલાલ પારેખ

**અરિહંતશરણ : ૩૦-૦૯-૨૦૧૮**

**અમારા પૂ. માતુશ્રી ચંદનબહેન મનસુખલાલ પારેખ આકોલાવાળા હાલ દિલ્હી ૮૭ વર્ષની જૈફ વયે ૪ પેઢી જોઈ અરિહંત શરણ પામેલ છે. અમારા પૂ. માતુશ્રી સાલસ સ્વભાવી, ધર્મ અને કુટુંબપ્રેમી દિલ્હીમાં રહેઠાણ હોવાથી વિવિધ સમાજના જૈન પરિવારો જેવા કે મારવાડી, ગુજરાતી, પંજાબી, તેરાપંથી, દેરાવાસી, સ્થાનકવાસી વગેરે બધા સાથે ખૂબ જ હળીમળી રહેતા, પોતાના આનંદી અને નિખાલસ સ્વભાવથી ખ્યાતનામ હતાં.**

**પોતે ખૂબ જ ધાર્મિક સ્વભાવ, નવકાર મંત્રનો જાપ, સમુહ સામાયિક અનેક અનુષ્ઠાનો કરાવી નવકારમંત્રનું સ્મરણ કરતા ૩૦-૦૯-૨૦૧૮નાં રોજ સમાધિપૂર્વક અરિહંતશરણ પામેલ. અમારા સૌનું જતનપૂર્વક ઉછેર કરી સંસ્કારોનું સિંચન કરી ધૂપસળી જેવું જીવન જીવી ગયા.**

**અમારા પૂજ્ય માતુશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરશાંતિ પામે એ જ પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના**

**પુત્ર-પુત્રવધૂ** : દિલીપ-શ્વેતા, રોહિત-લીના

**દીકરી-જમાઈ** : નીલમબહેન અશોકકુમાર ભણશાલી, હર્ષાબેન સમીરકુમાર ઓધવાણી

**પૌત્ર-પૌત્રવધૂ** : સાગર-આયશા (ચંચલ), ઉત્સવ-માહી (માધવી)

**પૌત્રી-જમાઈ** : ખુશબુ-કૃણાળ, નિધિ-ગૌરવ ● **પ્રપૌત્ર** : શ્રેય ● **દોહિત્ર** : હર્ષ, કિંજલ, જીલ

**દોહિત્રવધૂ** : ધ્રુવી ● **દોહિત્ર જમાઈ** : કરણકુમાર લેખરાજાની, પારસકુમાર વસા ● **દોહિત્ર પુત્રી** : પ્રાંસી, નાયરા

**ભાઈઓ** : સ્વ.મનસુખલાલ, સ્વ.ચુનિલાલ, સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ.વિનોદરાય તેમજ
શ્રી કિરણભાઈ તારાચંદ દોશી (રાણપુર - ભેંસાણ)

**બહેનો** : સ્વ. જશવંતીબહેન શાંતિલાલ શાહ (થાણાદેવડી - અહમદનગર),
ગં.સ્વ. દમયંતીબહેન નગીનદાસ સંઘવી (જૂનાગઢ - બોરીવલી),
સ્વ. કરુણાબહેન વિજયભાઈ સંઘવી (ધોરાજી - બોરીવલી), કનકબહેન રમેશચંદ્ર વોરા (છત્રાસા - અમદાવાદ)

**તેમજ**

**લી. શ્રી મનસુખલાલ મૂળજીભાઈ પારેખ પરિવાર** (વડાલ / આકોલા /દિલ્હી)

Kayami - Sept

## આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા બહેને જ્યારે ભાઈ પાસે દેરાસર માંગ્યું...

આ જિનાલય જોવા આજે પણ દેશ - વિદેશથી શ્રદ્ધાળુઓ આવે છે.... આચાર્યવિજય ઉદયરત્ન સૂરિ મ.સા.

અમદાવાદની એક સાંકડી શેરીના બેય કાંઠે ઊભેલા મકાનોની બારીઓને આંખો ઊગેલી સાબરમતીના જળ બે પળ થંભીને પુલ ઉપરથી પસાર થતાં ગાડાંઓની હારને જોઈ રહેલા. નગરશેઠ પ્રેમાભાઈની બહેનનાં લગ્ન લેવાણાં હતાં. લોક એને ઊજમફઈ તરીકે જ ઓળખતું. એકની એક લાડકી બહેનનાં લગ્ન હોય ને વળી, બાપની ગેરહાજરીમાં હોય ને ભાઈ નગરશેઠ ને પારાવાર સંપતિનો માલિક હોય તો બાકી શું રહે ? કરિયાવરમાં ભાઈએ બજાર ખરીદી લીધેલું. ૫૦૦ ગાડાંની હાર મંડાઈ. આખું ગામ હલકે ચડયું. બજારોમાં પાખી પળાઈ. લગ્નમાં સૌ આવ્યાં. માથા એટલી મંડાણી ને બે પગવાળા હતા એના મોઢે એક વાત આને કહેવાય ભાઈ-બહેનનો પ્રેમ. વીરો એની પસલી ભરે છેઃ બહેન એના ભાઈને ફરિયાદ કરે છે. દોમ દોમ સાહ્યબીમાં લાગે અંધેરું સપનું બનીને એને સાદ કરે દેરું. આંખમાંથી આંસુ ખરે છે...ખરે છે. બહેન એના ભાઈને ફરિયાદ કરે છે. આખું ગામ જ્યારે ઉત્સવમાં ઘેલું બનેલું ત્યારે વહાલી બહેન ઉદાસ આંખોમાં અજંપો આંજીને કેમ બેઠી છે ? એનાં મનને આટલી સંપત્તિમાં પણ ચેન નથી. કોણ એને સાદ કરે છે ? ભાઈએ તો કેવાં ને કેટલાં અછોવાનાં કર્યા છે ? સોના-ચાંદીથી બેની વોળાવી, ભાઈના પ્રેમે દુનિયા ડોલાવી. કોણ કહે, દિકરી તો પારકી થાપણ ? કરિયાવર જોઈ ગામ ભીની કરે પાંપણ. તોય એ ઉદાસી ધરે છે... ધરે છે... બેન એના ભાઈને ફરિયાદ કરે છે. ભાઈ સમજતો હતો કે પિતાની ગેરહયાતીમાં બહેનને ઓછું ન આવવું જોઈએ, પણ આ શું ? આટલું કર્યા પછી પણ બહેનની આંખોમાં આનંદ નહીં ? શું ઓછું પડયું ? ભાઈએ ઊજમને ભીના અવાજે પૂછી જ લીધું, બહેન ! શું ઓછું આવ્યું તને ? તારા ચહેરા પરની ખુશાલી જોવા ઝંખું છું... શું જોઈએ તને ? બહેને જવાબ આપ્યો, વીરા ઓ વીરા...થાઓ ગંભીરા હીરા જડી ઓઢણી અંતે તો લીરા...સંસારી સુખ જોઈ ભીતર થવાય છે. શત્રુંજય ધામમાં દેરી દેખાય છે. આંખ અને અંતર ઠરે છે...ઠરે છે.... બહેન એના ભાઈને ફરિયાદ કરે છે. મારાભાઈ, તે એટલું આપ્યું છે. તારા પ્રેમ સામે કોઈ પ્રશ્નાર્થ ન હોય, પણ તું તો સમજદાર છે. તે જે આપ્યું છે. જેટલું આપ્યું છે. એમાં મારો ને તારો સંસાર જ વધવાનો ભાઈ ! ખરેખર તને મારા પર ખૂબ પ્રેમ હોય તો સોરઠ દેશમાં સિદ્ધાચલ ગિરિરાજની ટોચે એક નાનકડી દેરી, એક નાના, પણ મારા પોતાના હોય તેવા ભગવાન આપ ! અનંતા આત્માઓએ ત્યાં જઈને અજન્મા બનવાના મારગ ગોતી લીધા છે. અક્ષય-અવ્યાબાધ ને અનંત સુખનાં અરમાન પૂરા કર્યા છે. ભાઈ, સંસારવૃદ્ધિ નહીં, સંસારહ્રાસ થાય એવું આ ૫૦૦ ગાડામાં શું છે ? ભાઈને પણ બહેનની સાથે કરેલી શત્રુંજયની યાત્રા યાદ આવી ગઈ. ભાઈને બહેનનો પરમાત્મા પ્રેમ સમજાયો ને પછી કેવું અનુખો સર્જન થયું એ ઈતિહાસને ખબર છે. બહેનાએ માંગી...નાનકડી દેરીઃ ભાઈ બંધાવે મંદિર સોનેરી. ભાઈ અને બહેન તણો પ્રેમની નિશાની નંદીશ્વર ટૂક થઈ ઊજમ ફૈબાની ઉદયને પાવન કરે છે...કરે છે.... બેન એના ભાઈને ફરિયાદ કરે છે. ભાઈએ શત્રુંજય ગિરિરાજ પર શિલ્પીઓના ટાંકણાનું સંગીત રેલાવ્યું. દાદાની ટૂકને મન ભરીને માણી શકાય તેવા સ્થાને નંદીશ્વર દ્વીપની રચના કરી. અદ્‌ભૂત, મનોહર જેવા શબ્દો વામણાં લાગે તેવા જિનાલયનું સર્જન થયું. જે જોઈ અમદાવાદ ઘેલું બનેલું. હવે આ દેવાલય જોઈને દુનિયા પાગલ બને છે. આ ટૂક આજેય ભાઈ-બહેનનાં પ્રેમની સાક્ષી બનીને શ્રેષ્ઠ પ્રેમ તો ભગવાનનો જ હોય તેની ગવાહી પૂરે છે. એનું સરનામું છે ઊજમફઈની ટૂક મુ.પો. શત્રુંજય ગિરિરાજ ! ધર્મદર્શન ઋણાનુબંધ


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર

એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ




હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

કૃણાલઃ ૭૨૨૧૦૭૨૧૦૭

## ૩૦મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ:
તા.૦૧-૦૭-૧૯૧૯



સ્વર્ગવાસ :
તા.૧૫-૦૯-૧૯૯૧

# પૂજ્ય પિતાશ્રી વ્રજલાલ બેચરદાસ મહેતા - (વડાલવાળા)

**દેહ આથમે છે પણ... દેહમાં જ દિવ્ય શાંતિ અને હેત ભર્યા હોય એનો કદી અંત થતો નથી.**
**વહેલી પ્રભાતે પંખીઓનું સંગીત અમને જગાડે છે ત્યારે આપનું સ્મરણ થાય છે.**
**મનને પવિત્ર અને આનંદવિભોર કરતો મંદિરનો ઘંટનાદ આપની હાજરીનો અહેસાસ કરાવે છે.**
**જુદા જુદા સ્વરૂપે આપ હંમેશાં અમારી સાથે જ છો તો પછી કેમ કહેવાય કે**
**આપણી વચ્ચે અંતર પડી ગયું ? આપ રહેશો નિત્ય અમારા સ્મરણમાં**

## મુક્તાબહેન વ્રજલાલ મહેતા પરિવાર

**પુત્ર-પુત્રવધૂ** : જયંત - શોભના, ઈન્દુમતિ હરિકિશન મહેતા
**પુત્રી** : હેમલતા શશીકાન્ત પારેખ ● **પૌત્ર** : દિવ્યેશ ● **પૌત્રવધૂ** : દીપ્તિ
**પૌત્રી** : ભાવના નિમેષકુમાર શાહ ● **પૌત્રીઓ** : એકતા ચીરાગ વેજાણી, તૃપ્તિ, હેતલ ● **દોહીત્ર** : પૂજન
**પ્રપૌત્ર** : ધ્રુવ, ધૈર્ય ● **પ્રપૌત્રી** : જીયા, રિયા

**જયંત વી. મહેતા**

૬૦૧/૬૦૨, સાંઈ દર્શન, એ-વીંગ, મનુભાઈ પી.વૈદ્ય માર્ગ, તિલક રોડ,
દિનેશ ભુવન દેરાસરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭.
મો.: ૯૮૨૦૦૨૫૬૭૪ / ૯૮૧૯૯૭૧૨૧૩
૯૮૨૦૩૫૨૮૨૯ / ૯૮૨૦૯૨૫૬૭૪

Kayami - Sept

ફોન : ૦૨૨–૨૨૪૦૦૨૪૦

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ–કાર્યાલય

પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઈ–૪૦૦ ૦૦૨.

Trust Regd. No. A-3412 Bombay

## ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજના – ૨૦૨૩

અરજદારનું નામ ________________ મૂળવતન ________ હાલ________

અરજદારનો મોબાઈલ નંબર : ________________

કુટુંબના કુલ સભ્યોની સંખ્યા ______ કમાતા સભ્યોની સંખ્યા ______ કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ________________

અરજદારનો વ્યવસાય તથા સરનામું________________

________________ ફોન / મોબાઈલ નં. ________

સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના આર્થિક જરૂરિયાતમંદ કુટુંબીઓને ગત ૨૫ વર્ષોથી આપણી આ સંસ્થા દર વર્ષે ઘર ઉપયોગી વસ્તુનું રાહતના દરે વિતરણ કરે છે, આ યોજના હેઠળ આ વર્ષે ટોવેલ નેપકીન (૨ ટોવેલ, ૨ મોટા નેપકીન, ૨ નાના નેપકીન નો ૧ સેટ)નું વિતરણ રૂપીયા ૨૫૦/– ના રાહત દરે કરવાનું નક્કી કરેલ છે જેની MRP રૂપીયા ૧૫૦૦/– છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા કુટુંબોએ આ ફોર્મની કોપી કાઢી, સંપૂર્ણ વિગત ભરી સાથે રૂપીયા ૨૫૦/– ફક્ત શુભેચ્છક મંડળની ઓફીસે શનિવાર, તા. ૧૪–૧૦–૨૦૨૩ (ફક્ત ૧ દિવસ) ના રોજ સાંજે ૪ થી ૬ના સમયે ભરવાના રહેશે.વિતરણ શનિવાર, તા. ૨૧–૧૦–૨૦૨૩ના રોજ સાંજે ૪ થી ૬ના સમયે ફક્ત શુભેચ્છક મંડળની ઓફીસેથી કરવામાં આવશે. આ ફોર્મ શુભેચ્છક મંડળની ઓફીસેથી પણ મળશે.

અરજદાર તરફથી ટોવેલ–નેપકીન સેટ–૧ માટે રૂા. ૨૫૦/– (અંકે બસો પચાસ પૂરા) રોકડા મળેલ છે.

અરજી નં. ________ તારીખ________ પૈસા લેનારની સહી ________________

---

## અરજદાર માટે

ફોન : ૦૨૨–૨૨૪૦૦૨૪૦

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇ

## ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજના – ૨૦૨૩

અરજી નં. ________ તારીખ________

અરજદારનું નામ ________________ મૂળવતન ________ હાલ________

અરજદારનો મોબાઈલ નંબર : ________________

અરજદાર તરફથી ટોવેલ–નેપકીન સેટ–૧ માટે રૂા. ૨૫૦/– (અંકે બસો પચાસ પૂરા) રોકડા મળેલ છે.

અરજી નં. ________ તારીખ________ પૈસા લેનારની સહી ________________

ફોન : ૦૨૨–૨૨૪૦૦૨૪૦

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇ

**શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ–કાર્યાલય**

**પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઇ–૪૦૦ ૦૦૨.**

**Trust Regd. No. A-3412 Bombay**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ મુંબઈની સ્થાપના સંવત ૧૯૬૨ માં આપણા સમાજના જરૂરિયાત વાળા ભાઈઓ તથા બહેનોને આર્થિક સહાય આપવાના ઉત્તમ ઉદ્દેશથી કરવામાં આવી હતી. આ સંસ્થા અવિરત ૧૧૭ વર્ષથી સમાજના કુટુંબોના ઉત્થાન માટે કાર્યરત રહી છે. આર્થિક સહાયના હેતુથી શરૂ થયેલ આ સંસ્થાએ વિવિધ પ્રવૃત્તિ હાથ ધરેલ છે. આજથી ૯૦ વર્ષ પહેલા, ચાર મુરબ્બીઓના માર્ગદર્શન હેઠળ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન ક્લબની સ્થાપના કરવામાં આવી હતી, કે જેમાં રહેવાની તથા જમવાની ઉત્તમ સગવડ કરી આપવામાં આવી હતી. હાલમાં આપણી ક્લબમાં જ્ઞાતિ ભાઈઓ માટે ફક્ત રહેવાની સગવડ છે.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ** નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિ ચલાવે છે.

**૧) આર્થિક સહાય** : મુંબઈની બહાર આપણા સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને વર્ષમાં બે વખત રોકડ રકમ મોકલાવેલ છે.

**૨) તબીબી સહાય** : શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજના હેઠળ સંસ્થા તરફથી હોસ્પિટલ અંગે ખર્ચ માટે રૂપિયા 30,000/- સુધીની રાહત આપવામાં આવે છે.

**૩) અનાજ રાહત** : મુંબઈમાં વસતા આર્થિક રીતે જરૂરી વર્ગને દર બે મહિને લગભગ ૮૦ થી ૮૫% રાહત દરે અનાજ વિતરણ કરવામાં આવે છે તથા મે મહિનામાં મસાલાનું પણ રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

**૪) મીઠાઈ ફરસાણ વિતરણ** : દિવાળીના તહેવારોમાં મુંબઈમાં વસતા દરેક કુટુંબોને શુદ્ધ અને સાત્વિક મીઠાઈ તથા ફરસાણનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે. જેનો લાભ અંદાજે ૫૦૦ થી ૬૦૦ કુટુંબો લે છે.

**૫) ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજના** : દિવાળીના સમયે જરૂરિયાતવાળા મુંબઈના કુટુંબોને ઘણા જ રાહત દરે ઘર ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

આ ઉપરાંત આપણા મંડળે બે વખત મેડિકલ કેમ્પનું આયોજન કરેલ અને સમાજના લગભગ ૬૦૦ વયસ્કો માટે એક દિવસીય યાત્રા પ્રવાસનું પણ આયોજન કરેલું હતું.

આ બધી પ્રવૃત્તિઓનો ખર્ચ મંડળના કાયમી ફંડના આવતા વ્યાજમાંથી કરવામાં આવે છે. હાલ વ્યાજના દર ઓછા થતા જાય છે, અને ઉપર મુજબની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે વધારે કાયમી ફંડની જરૂર છે.

આપને ત્યાં આવતા જીવનના ઘણા જ પ્રસંગો જેવા કે જન્મ, પરીક્ષામાં ઉત્તીર્ણ, ઉચ્ચ અભ્યાસ, વૈવિશાળ, લગ્ન, આપના આત્મીયજનોના આત્મશ્રેયાર્થે તથા વર્ષ ગાંઠ નિમિત્તે આપણી આ સંસ્થાને યથાશક્તિ દાનની રકમ મોકલાવી સહભાગી થવા નમ્ર વિનંતી.

આ સંસ્થાને રૂપિયા ૨,૫૦૦/- કે તેથી વધુ મળેલી રકમનું દાન કાયમી ફંડમાં જમા કરવામાં આવે છે. ઉપરાંત રૂપિયા ૫૦,૦૦૦/- ના દાનની રકમ કાયમી સહાય ફંડમાં લેવામાં આવે છે અને દાતાશ્રીનો એક ફોટો સમાજના મુખપત્ર ના દિવાળી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે આ અંગે આપની ભાવના હોય તો સંસ્થાના હોદ્દેદારો નો સંપર્ક કરવા વિનંતી. આપનું આપેલ દાન કાયમી ફંડ માં રહેશે અને તેના પર મળતા વ્યાજના એક એક રૂપિયાનો સદ્દુપયોગ થશે.

આ સંસ્થાના બંધારણ માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ સંસ્થાનો વહીવટ ખૂબ જ કરકસરથી તથા પારદર્શક પદ્ધતિથી ચાલે છે. સંસ્થા ઇન્કમટેક્સ તથા ધર્માદા આયુક્ત મુંબઈ મહારાષ્ટ્રમાં રજીસ્ટર થયેલ છે, અને આવક જાવક ના હિસાબો સરકાર ના કાયદા પ્રમાણે વાર્ષિક ઓડિટ થાય છે સંસ્થાને ૮૦જી સર્ટિફિકેટ મળેલ છે.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ** , દાતાશ્રી ઓ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનારા શુભેચ્છકો અને હિતચિંતકો નું ઋણ સ્વીકાર કરે છે.

**પ્રમુખ**
શ્રી શશીકાન્તભાઈ ગીરધરલાલ વોરા
મો. 9324802893

**માનદ મંત્રી**
શ્રી અજયભાઈ કાંતીલાલ પારેખ
મો. 9821545420

શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા
મો. 9833500508

ફોન : ૦૨૨–૨૨૪૦૦૨૪૦

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇ

**શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ–કાર્યાલય**

પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઇ–૪૦૦ ૦૦૨.

Trust Regd. No. A-3412 Bombay

## મીઠાઇ / ફરસાણ વિતરણ – ૨૦૨૩

અરજદારનું નામ ______________________ મૂળવતન ____________ હાલ ____________

અરજદારનો મોબાઇલ નંબર : ______________________

ગત ઘણા વર્ષોથી આપણી ઉપરોક્ત સંસ્થા આપણા સમાજના દરેક સભ્યોને શુદ્ધ અને સાત્વિક મીઠાઇ–ફરસાણનું રાહત દરે વિતરણ કરે છે. આ વર્ષે પણ દિવાળીના તહેવારોમાં આપણા સમાજના દરેક કુટુંબોને શુદ્ધ અને સાત્વિક મીઠાઇ–ફરસાણ રાહત દરે વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું બુકિંગ તથા વિતરણ નીચેના સ્થળે થશે. આ વર્ષે (૧) કાજુ ટીકા ૫૦૦ ગ્રામ (૨) ખજુર પાક ૫૦૦ ગ્રામ (૩) નવરત્ન ભુસુ ૫૦૦ ગ્રામ તથા નડીયાદી ભુસુ ૫૦૦ ગ્રામ (ફરસાણ કુલ ૧ કિલો) આ ત્રણેય વસ્તુના રૂા. ૭૫૦/– (અંકે રૂપીયા સાતસો પચાસ પુરા) રાખેલ છે. બુકીંગ સમયે આ ફોર્મ (પ્રીન્ટ કાઢી) ભરી લાવવું જરૂરી છે. આ ફોર્મ બુકીંગ સમયે પણ બુકિંગ કેન્દ્ર પરથી મળી શકશે.

| | બુકિંગ તથા વિતરણ સ્થળ | બુકિંગ તા / સમય | વિતરણ તા. / સમય |
|---|---|---|---|
| ૧. | શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઇ–૪૦૦ ૦૦૨. | શનિવાર, તા ૨૧.૧૦.૨૩ સાંજે ૪ થી ૬ | શનિવાર, તા ૪.૧૧.૨૩ સાંજે ૪ થી ૬ |
| ૨ | શ્રી અજય પારેખ, સી–૬૦૫, જીરાવલી રેસીડન્સી, છઠ્ઠે માળે, દેરાસર લેન, જૈન મંદિરની સામે, ઘાટકોપર (ઇસ્ટ), ૪૦૦ ૦૭૭. મો. : ૯૮૨૧૫૪૫૪૨૦ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૯ થી ૧૨ | શનિવાર, તા ૪.૧૧.૨૩ સાંજે ૫ થી ૮ |
| ૩ | એસ.વી.જૈન ઉત્કર્ષ મંડળ, C/O. કિરણ જયંતિલાલ મહેતા, પુતળીબાઇ ભવન, ૧ લે માળે, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મો. સતીશભાઇ – ૯૨૨૪૪૪૮૪૪૮ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૧૦ થી ૧૨ | શનિવાર, તા ૪.૧૧.૨૩ સાંજે ૮ થી ૧૦ |
| ૪ | હર્ષદભાઇ વોરા, અરિહંત ફરસાણ માર્ટ, આત્મવલ્લભ બિલ્ડીંગ નં. ૮, નાલાસોપારા (ઇસ્ટ), મોબાઇલ : ૮૭૯૩૭૨૬૬૮૩ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ | શનિવાર, તા ૪.૧૧.૨૩ સાંજે ૫.૩૦ થી ૮ |
| ૫ | એસ. વી. જૈન મંડળ (ભાયંદર), અરૂણભાઇ, વસા પેકેજીંગ, શોપ નં ૧, મેગ્નમ પ્લાઝ, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧૧૦૧. મો. ધવલ ૯૮૨૦૫૮૫૧૪૮, મનીષ ૯૦૨૨૯૦૯૯૫૭ | શનિવાર, તા ૨૧.૧૦.૨૩ રાત્રે ૮ થી ૧૦ | શનિવાર, તા ૪.૧૧.૨૩ રાત્રે ૮ થી ૧૦ |
| ૬ | એસ. વી. જૈન મંડળ (બોરીવલી) કમલભાઇ દોશી, અરીહંત એન્ટરપ્રાઇઝ, ૨૦૨, સાઇલીલા કોમ્પ્લેક્ષ, મોક્ષ પ્લાઝાની સામે, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મો. ૯૮૩૩૫૦૦૫૦૮ / ૯૭૬૯૬૧૫૪૯૪ | શનિવાર, તા ૨૧.૧૦.૨૩ સાંજે ૩ થી ૭ | શનિવાર, તા ૪.૧૧.૨૩ સાંજે ૩ થી ૫ |
| ૭ | હિમાંશુ શશીકાંત સંઘવી, ૬૦૨, જાગૃતી એપાર્ટમેન્ટ, ૬ઠે માળે, સાઇનાથ રોડ, મલાડ (વેસ્ટ), ફોન ૦૨૨–૨૮૪૪૧૯૨૯ હિમાંશભાઇ મોબાઇલ : ૯૮૨૦૦૫૫૯૦૬ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૧૦ થી ૧૨ | રવિવાર, તા ૫.૧૧.૨૩ સવારે ૧૦ થી ૧૨ |
| ૮ | શ્રી અરૂણભાઇ વોરા, ૧૫૩, જવાહર નગર રોડ નં.૧, ૧૦૩ મંદોર હાઇટ્સ, પહેલે માળે, જૈન સ્વીટ્સ એન્ડ ફરસાણની ઉપર, ગોરેગામ (વેસ્ટ), મો. ૯૦૮૨૦૧૯૨૧૯ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૧૦ થી ૧ /સાંજે ૬ થી ૮ | રવિવાર, તા ૫.૧૧.૨૩ સવારે ૧૧.૩૦ થી ૧ |
| ૯ | શ્રી શૈલેષ વી. વોરા, ડી–૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ, ઇરાની વાડી નં.૨, ઇન્ડીયન બેંકની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ– ૪૦૦૦૬૭. મો. ૯૮૨૧૦૪૫૪૨૨ | રવિવાર, તા ૨૨.૧૦.૨૩ સવારે ૧૦ થી ૧૧ | રવિવાર, તા ૫.૧૧.૨૩ સવારે ૧૦ થી ૧૧ |

.................................................................................

ફોર્મ નં. ____________ સેન્ટર ____________

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ–મુંબઇ, તરફથી મીઠાઇ / ફરસાણ વિતરણ યોજના –૨૦૨૩માટે**

શ્રી ______________________ મૂળ વતન : ____________ હાલ : ____________

સરનામું : ______________________

રૂા. ૭૫૦/– (અંકે રૂપીયા સાતસો પચાસ પૂરા) રોકડા મળેલ છે.

પૈસા લેનારની સહી : ____________ તારીખ : ____________

ખાસ નોંધ : વિતરણ સમયે મીઠાઇ / ફરસાણ લઇ જવા કપડાની થેલી સાથે લાવવી જરૂરી છે.

આ ફોર્મની પ્રિન્ટ કઢાવી, સારા અક્ષરે ભરી બુકિંગના સમયે લઇ જવી જરૂરી છે.

## શ્રધ્ધાંજલી



જન્મ:
૨૬-૧-૧૯૫૫



સ્વર્ગવાસ :
૪-૯-૨૦૧૬



# સ્વ.સોનલબેન જીતેન્દ્રભાઈ વોરા

**અમારા સમસ્ત પરિવારનાં લાડીલા સોનલ નો પ્રેમાળ સ્વભાવ, સદાય હસતો ચહેરો અને તેમની યાદો અમારા અસ્તિત્વમાં સદા જીવંત રહેશે. તેમની પરોપકારની ભાવના, ધાર્મિક સંસ્કાર તથા બધાને એક સુત્રમાં બાંધવાની કળા અમારે માટે પ્રેરણાદાયક બની રહેશે.**

**પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારા સહ પરિવારની પ્રાર્થના.**

**સ્વ. સમજુબેન ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર**

**ભાઈઓ :** શશીકાંતભાઈ, દિનેશભાઈ, પ્રદીપભાઈ, મનોજભાઈ, અશ્વિનભાઈ

**ભાભીઓ :** સ્વ. ચંદ્રિકાબેન, જ્યોતિબેન, બીનાબેન, ભારતીબેન, ચેતનાબેન

**નણંદ :** મંજુલાબેન - **નણંદોઈ :** દિપકકુમાર શાહ

**ભત્રીજા તથા ભાણેજ :** કેજલ - સપના, કૌશલ - માનસી, અંકુર - પૂજા, ધર્મીલ - ધરા, દર્શન - અમી, કવિતા - જગદીપ શેઠ, પુનિતા - રાજેન શાહ, તોરલ - ઉમંગ કુવાડિયા, પ્રણાલી - વિશાલ ગાલા, નિરાલી - જીજ્ઞેશ દોશી, હેલી - તૃષાર દેશમુખ, રિધ્ધિ - નિશાંત મહેતા, શ્રેણિક - રૂચી

**બાળકો :** હેત, સૌમિલ, હિત્વી, હેતાંશી, વંશિકા, નવ્યા, યશ, જશ, હુતી, દેવ, શનાયા, નાયરા, શ્રેહાન

**ગીરધરલાલ જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

**ગીરધરલાલ અમુલખભાઈ શેઠ પરિવાર**

**જીતેન્દ્ર ગીરધરલાલ વોરા - નીલિમા જીતેન્દ્ર વોરા**

બંગલો નં.૬૧, સાંઈ રાધા ગ્રીન વેલી, મનીપાલ, કર્ણાટક. મોબાઈલ : ૦૯૮૬૭૩૦૬૮૦૯

Kayami - Sept

# સંઘર્ષની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે મહાવીરદેવનો અનેકાંતવાદ

– શ્રીમતી પારૂલબેન બી. ગાંધી

● **પ્રસ્તાવના :–** અનેકાંતવાદ એ જૈન ધર્મની આધારશીલા છે. જૈન તત્વજ્ઞાનની આખી ઈમારત આ અનેકાંતવાદના સિધ્ધાંત પર અવલંબિત છે. અનેકાંત જૈન ધર્મનો પ્રાણ છે. જૈન ધર્મના કોઈપણ વાત સ્યાહવાદની કસોટી પરથી સાંગોપાંગ ઊતારીને પછી જ કહેવામાં આવી છે. આ જ કારણે દાર્શનિક સાહિત્યનાં અનેકાંતવાદને સ્વાધ્યાય દર્શન પણ કરે છે. સંસારમાં જેટલા પણ એકાંતવાદના આગ્રહી સંપ્રદાયો છે, તેઓ પદાર્થના એક અંશને અર્થાત્ એક એક ગુણને પુરો પદાર્થ માને છે. તેથી તેઓ અન્ય ધર્મના લોકો સાથે લડતા-ઝઘડતા રહે છે. પોતાની વાતને એકાંતપણે મનાવવા તેઓ ઘણીવાર આક્રમક પણ બની જાય છે. વાસ્તવિકતા એ છે કે તેઓ જે બાબતને પૂર્ણ માને છે તે સંપૂર્ણ નથી પણ અંશમાત્ર છે. અનેકાંત સર્વદૃષ્ટિ દર્શન છે. તેથી તે એકાંતવાદીઓને સમજાવે છે કે તમે કહો છો તે એક દૃષ્ટિકોણથી સત્ય છે. બધા દૃષ્ટિકોણથી નહિ.

● **અનેકાંતવાદનો અર્થ :–** અનેકાંતનો અર્થ છે પ્રત્યેક વસ્તુનો જુદા જુદા દૃષ્ટિકોણથી વિચાર કરવો. જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી જોવું. કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે. વસ્તુના પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પૂરી રીતે તપાસી તેમાંથી સમગ્રપણે સત્ય તારવવું જોઈએ. કોઈપણ વિષય વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવા અને તેમાં દેખાતા પરસ્પર વિરોધી એવા તત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાંતવાદ. સત્ય એક છે પરંતુ તેના સ્વરૂપ અનંત હોઈ શકે છે, એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાંતવાદ.

જૈન ધર્મમાં માત્ર એક જ દૃષ્ટિકોણથી પદાર્થનું અવલોકન કરવાની પધ્ધતિને અપૂર્ણ અને અપ્રમાણિક માનવામાં આવી છે. અને એક જ વસ્તુમાં જુદા જુદા દૃષ્ટિકોણથી, જુદા જુદા ગુણોનું આરોપણ કરવાની પધ્ધતિને પૂર્ણ અને પ્રમાણિક માનવામાં આવે છે. આ પધ્ધતિ ને જ અનેકાંતવાદ. અનેકાંત માટેનો પારિભાષિક શબ્દ છે સ્યાહવાદ. સ્યાહ એટલે કથંચિત એટલે કે કેટલુંક જાણવા મળ્યું છે પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાંતવાદ સિધ્ધાંત છે અને એ સિધ્ધાંતને અમલમાં મુકવાની રીતિ, પધ્ધતિ કે શૈલી તે સ્યાહવાદ છે. જે સપ્તભંગી તરીકે પણ ઓળખાય છે. આ માટે પ્રાચીન દૃષ્ટાંત છે કે સાત અંધજનોએ પોતાની હથેળી વડે સ્પર્શ કરી હાથીનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે કોઈકને હાથી સૂપડા જેવો તો કોઈને થાંભલા જેવો, તો કોઈને દોરડા જેવો લાગ્યો. પોતાની વાત સાબિત કરવા તે અંદરોદર ઝઘડવા લાગ્યા. મહાવતે તેમને હાથ વડે હાથીના દરેક અંગનો સ્પર્શ કરાવી હાથીના આખા આકારનો ખ્યાલ આપ્યો. હાથીના ખંડદર્શનને બદલે અખંડદર્શન કરાવનાર મહાવત તે અનેકાંતવાદના સ્થાને છે. આમ આભારપ્રધાન જૈન દર્શનની આચારશુધ્ધિનું આગવું સ્થાન અપરિગ્રહ. જ્યારે વિચારબુધ્ધિનું આગવું સ્થાન અનેકાંતવાદ કહી શકાય. આમ અનેકાંતવાદ એટલે વિચારમાં અહિંસા કારણ કે અનેકાંતવાદ એટલે વિરોધ પક્ષના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષના મંતવ્યોની પણ પ્રામાણીકપણે, માધ્યસ્થભાવે, સત્યની જિજ્ઞાસાથી આલોચના કરવી અને મિથ્યાભિમાનનો ત્યાગ કરી પોતાની ભૂલ હોય તો સુધારવી તથા ઉદારતા અને વિવેકબુદ્ધિથી ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવો. ભગવાન મહાવીરે એટલે જ અનેકાંતવાદને ચારિત્રવિકાસના સાધન તરીકે પણ અપનાવ્યો.

● **અનેકાંતના કેટલાક લૌકિક અને દાર્શનિક દૃષ્ટાંત :–** એક ફળને લઈએ તો ફળમાં રૂપ છે, રસ છે, ગંધ છે, સ્વાદ છે, આકાર છે, ભૂખ મટાડે છે, રોગ દૂર કરી શકે છે અને રોગ પેદા પણ કરી શકે છે. આમ તેમાં અનેક લક્ષણો છે. છતાં આપણી બુધ્ધિ સીમિત હોવાથી બધા ગુણધર્મો જાણી શકતા નથી. તેવી જ રીતે કોઈ એક પુરૂષને લઈએ તો તે કોઈનો પતિ, પિતા, પુત્ર, ભાઈ, શેઠ, નોકર, કાકા, મામા વગેરે હોઈ શકે. આમ એક જ વ્યક્તિ ઘણું બધું હોઈ શકે. અમાં દરેક લોકો પોતાની દૃષ્ટિએ સાચા છે પણ એકાંતે માત્ર એક જ વ્યક્તિનું સ્વરૂપ સાચું છે. તેમ ન કહી શકાય.

હવે દાર્શનિક દૃષ્ટિએ નિત્યત્વ અને અનિત્યત્વ જોઈએ તો માટીનો એક ઘડો લઈએ તો આકારની દૃષ્ટિએ તે નાશવંત છે, માટીના મૂળ સ્વરૂપની દૃષ્ટિએ લઈએ તો તે અવિનાશી છે. જેવી રીતે જીવ દ્રવ્ય છે તે ક્યારેય નાશ પામતું નથી. એ દૃષ્ટિએ નિત્ય છે. મનુષ્યભવ, નારકીપણું વગેરે તેની પર્યાય છે જે અનિત્ય છે. જીવ દ્રવ્યમાં ચૈતન્યગુણ રહેલો છે. આમ એમની એક વસ્તુમાં પરસ્પર વિરોધી જેવી દેખાતી નિત્યના અને અનિત્યતાના ગુણોને સિધ્ધ કરનાર સિધ્ધાંત જ અનેકાંતવાદ છે.

● **દાર્શનિક જગતનો સમ્રાટ અનેકાંતવાદ, વિશ્વ વ્યવસ્થામાં અનેક સમસ્યાઓની માસ્ટર કી :–** દાર્શનિક જગતમાં અનેકાંતવાદના અમર સિધ્ધાંતને ઘણો જ મહત્વનો

## ૨૫ મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

: જન્મ :
૨૯-૧૦-૧૯૪૪



: સ્વર્ગવાસ :
૨૩-૯-૧૯૯૮

# અ.સૌ.ચંદ્રિકાબેન શશિકાંત વોરા

**જેણે આ ધરતી પર ફૂલ જેવી સુગંધ પ્રસરાવી છે,**
**જેણે દુ:ખ સહીને લહાણી કરી છે,**
**જેણે જીવનમાં ઝેર પચાવી અમૃત પિરસ્યું છે,**
**જેણે સ્મિત વેરીને સર્વના જીવનમાં મીઠાશ આણી છે,**
**જેણે મન જીવ્યું છે અને આસક્તિને હણી છે,**
**તેઓને મુક્તિ સમીપ હોય છે.**

-: લી. :-

સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા
શશિકાંત ગીરધરલાલ વોરા
કેજલ શશિકાંત વોરા
સપના કેજલ વોરા
કવિતા જગદીપ શેઠ
પુનિતા રાજેન શેઠ
હેત, હેતાંશી

Kayami - Sept

માનવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી જેવા મહાપુરૂષોઓએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. પાશ્ચાત્ય વિદ્વાન ડૉ.થોમસ કહે છે - અનેકાંતવાદ / સ્યાહવાદનો સિધ્ધાંત ઘણો જ ગંભીર છે. વસ્તુની ભિન્ન ભિન્ન સ્થિતિઓને તે ઘણી જ સ્પષ્ટ રીતે પ્રકાશિત કરે છે. વર્તમાને દેશ-દેશ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે, જ્ઞાતિ-જાતિ વચ્ચે, સગા-સંબંધીઓ વચ્ચે સંપ્રદાયની, સ્વાર્થની, હુંસાતુંસીની, મારા-તારાની જે સૂગાળવી દીવાલો ઊભી થઈ છે તેને અનેકાંતવાદ દ્વારા જ જમીનદોસ્ત કરી શકાય છે.

કુટુંબ, સમાજ, દેશ, રાષ્ટ્ર બધા જ સમસ્યાઓની ભીંસમાં રિબાય છે. ત્યારે અનેકાંતવાદ જ આ બધી સમસ્યાઓની માસ્ટર કી છે. આ સિધ્ધાંત વિશ્વને જૈન ધર્મનું આગવું અને અનોખું પ્રદાન છે. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિધ્ધાંત આ મહોર મારે છે. વિસંવાહિતામાં સંવાહિત અને વૈમનસ્યમાં પણ પ્રેમ શોધી આપવાની આગવી અને અનોખી દૃષ્ટિને અનેકાંતવાદ દ્વારા સત્યનો અનુભવ પોતે જ કરવાનો છે. ઊછીનો અનુભવ સત્યનો સાક્ષાત્કાર કરાવી શકે નહિ. આથી જ કહી શકાય છે અનેકાંતવાદ સત્ય જ્ઞાનની ચાવી છે. તેને જીવનમાં ઊતારવાથી રાગ-દ્વેષ ઘટે છે, વિસંવાદ દૂર થાય છે, કલેશ ઘટે - સમભાવ જન્મે - મિત્રતા વિકસે છે. સંવાદ અને શાંતિ સ્થપાય છે - ઈર્ષા, અનુદારતા, સાંપ્રદાયિકતા, સંકુચિતતા વગેરે અનેકાંતવાદની સામે આવતા ભયભીત થઈ ભાગી જાય છે. વેર-ઝેર મટી જાય છે. આથી જ એમપણ કહી શકાય કે વિશ્વમાં જ્યારે પણ શાંતિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થશે ત્યારે તે અનેકાંતવાદના અમર સિધ્ધાંત દ્વારા જ થશે. આમ અનેકાંતવાદના સિધ્ધાંતની સાર્થકતા વર્તમાને પણ પુરવાર થાય છે. હવે જોઈએ દાર્શનિક જગતનું સમ્રાટત્વ અનેકાંતવાદ કઈ રીતે ભોગવે છે. ભારતમાં દાર્શનિક વિચારધારાનો જેટલો વિકાસ થયો છે. તેટલો અન્યત્ર ક્યાંય થયો નથી. ભારતવર્ષ એ જુદાજુદા દર્શન અને દાર્શનિકોની જન્મભૂમિ છે. અહીં ભિન્ન ભિન્ન દર્શનો દ્વારા ભિન્ન ભિન્ન વિચારધારાએ કોઈપણ પ્રકારના અવરોધ વિના ફુલીફાલી છે. જો ભારતના બધા પ્રાચીન દર્શનનો પરિચય કરવા જઈએ તો એક દળદાર ગ્રંથ તૈયાર થાય. અહીં વિસ્તરણના ભયે માત્ર પાંચ મુખ્ય દાર્શનિક વિચારધારો વિષે જોઈશું. વિશ્વની વ્યવસ્થા જે ગોઠવાયેલી છે. તેમાં આ પાંચેય વિચારધારાઓનું ખુબ જ મહત્વ રહેલું છે. પરંતુ પાંચેય દર્શનોની વિચારધારામાં પરસ્પર ભયંકર સંઘર્ષ છે. પ્રત્યેક એક-બીજાના મતોનું ખંડન કરે છે. અને પોતાના એકલાથી જ દરેક કાર્ય સિધ્ધ થઈ શકે છે તેવું માને છે. દાવો કરે છે. પરંતુ બધાનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે એકેયનો દાવો સાચો નથી. મહાવીરદેવે આ પાંચેય વિચારધારાઓને સમજી તેના વિષે ઘણું વિચાર્યું છે. તેમણે દર્શાવ્યું કે બધાનું પોત-પોતાની રીતે મહત્વ છે તે હકીકત છે પરંતુ માત્ર એકથી જ કાર્ય થાય છે તે માનવું ભુલભરેલું છે. આ વાતને તેમણે અનેકાંતવાદથી (સમન્વયવાદથી - સ્યાહવાદથી - કથેચિત્‌વાદથી - અપેક્ષાવાદથી) સુંદર રીતે સમજાવી છે. આ માટે પાંચેય વિચારધારા વિષે થોડું વિસ્તૃત રીતે જોઈશું.

**(૧) કાળવાદ :-** આ લોકો માને છે કે જગતના સર્વ પદાર્થો કાળના કબ્જામાં છે. કાળનું બધા પર આધિપત્ય છે. સ્ત્રીગર્ભાધાન વિષે વિચાર કરીએ તો યોગ્ય ઉંમરના સ્ત્રી-પુરૂષના સંયોગથી સ્ત્રી ગર્ભ ધારણ કરે છે પરંતુ એ જ સ્ત્રી વૃધ્ધ થયાં પછી પુરૂષનો સંયોગ થવા છતાં ગર્ભધારણ કરી શકતી નથી. તેવી જ રીતે ગર્ભ અમુક સમય ગર્ભમાં રહે તો જ વિકસશે, બાળક તરીકે જન્મ લેશે, યોગ્ય ઉંમરે બોલશે, ચાલશે વગેરે. એ જ રીતે અન્ય જીવસૃષ્ટિ પર પણ કાળની સભા છે. વનસ્પતિને પણ કાળ પરિપક્વ થાય ત્યારે જ અંકુર ફૂટે, શાખાઓ થાય, ફળફૂલ આવે. તે જ રીતે સૂર્ય-ચંદ્ર એના સમયે ઊગે - આથમે, ઋતુ બદલાય, ઠંડી-ગરમી-વરસાદ પડે છે. આમ કાળવાદીના મતે દુનિયા આખી કાળ પ્રમાણે જ ચાલે છે. જે ખરેખર એકાંતે સત્ય નથી.

**(૨) સ્વભાવવાદ :-** આ લોકો માને છે કે સ્વભાવ પ્રમાણે જ બધું થાય છે જેમ કે વનસ્પતિના હજારો પ્રકાર છે. પણ દરેકમાં તેના સ્વભાવ પ્રમાણે રસ પ્રગટે છે. કોઈને ફૂલ આવે, કોઈને ફળ આવે, કોઈને ફળ-ફૂલ ન આવે. પૃથ્વીમાં કઠિનતા, પાણીમાં પ્રવાહિતા અને ઠંડક તથા અગ્નિમાં રહેલી ઉષ્ણતા સ્વભાવગત છે. પુરૂષ યુવાન થતા દાઢી મૂંછ ઊગે છે. તે સ્ત્રીને શા માટે નથી ઊગતા ? વંધ્યા સ્ત્રીને સંતાન પ્રાપ્તિ કેમ નથી થતી ? હથેળીમાં વાળ શા માટે નથી ઊગતા ? લીમડાને ગોળ અને ઘીનું સિંચન કરો તો પણ મીઠો મધુર બનાવી શકાય ? દહીંને વલોવવાથી જ માખણ નીકળે છે. પાણીને વલોવવાથી નહિ. આમ પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે કાર્ય કરે છે. સ્વભાવની સામે કાળ, ધર્મ, પુરૂષાર્થ, નિયતિ કશું કરી શકતાં નથી.

**(૩) કર્મવાદ :-** આ એક પ્રબળ દાર્શનિક વિચારધારા છે. કર્મવાદનું કહેવું છે કે અન્ય તેની સામે તુચ્છ છે. સંસારમાં સર્વત્ર કર્મનું એકચક્રી શાસન છે. એક જ માતાના બે બાળકોમાં એક બુધ્ધિમાન હોય તો બીજો સાવ મૂર્ખ આવું શા માટે ? બંનેનું વાતાવરણ સ્થિતિ વગેરે સરખા હોવા છતાં ભેદ છે. તે કર્મના કારણે છે. બે વ્યક્તિ સરખી શક્તિ, અભ્યાસ, સામાજિક સ્તરવાળા હોવા છતાં એક હજારો રૂપિયા કમાઈ લે છે જ્યારે બીજાને બે ટંક ભોજનના પણ ઠેકાણા નથી. કપટી, દંભી, દુર્જનો લહેર કરે છે. જ્યારે સરળ, ધર્મી, નિખાલસ સજ્જનો બધેથી પાછા પડે છે. સારા

## પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



# સ્વ.પ્રફુલચંદ્ર ભોગીલાલ શાહ

**જન્મ : ૧૪-૧૨-૧૯૪૮ ❖ સ્વર્ગવાસ : ૦૭-૧૦-૨૦૨૨**

**મૂળવતન :** થાણાદેવડી (અમરનગર) હાલ બોરીવલી (વેસ્ટ)

**આપની અચાનક વિદાયને આજે એક વર્ષ પુરૂ થયું છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો. પળે પળે આપની યાદ આવે છે. આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે. આપનો નવકારમય આત્મા ભય ભ્રમણાથી મુક્ત થઈ મોક્ષસુખ પામો. એજ પરમકૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના કરતા આપના પરિવાર જનો.**

**લિ. સ્વ. કુસુમબેન ભોગીલાલ શાહ પરિવાર**

**સોનલબેન પ્રફુલચંદ્ર શાહ**

**પુત્ર-પુત્રવધુ-પૌત્ર :**
ઉદય - મીનલ - ઋષભ ● **દિકરી-જમાઈ :** ઝંખના તપનકુમાર

**ભાઈ-બહેન :**

| | | |
|---|---|---|
| હસમુખ - દીના | રાજેન્દ્ર - હર્ષા | મીના-પ્રકાશકુમાર |
| રાહુલ - ગીતા | ભાવિક - શ્વેતા | સચીન - ખ્યાતિ |
| રાખી - કાર્તિકકુમાર | પાયલ - રાહુલકુમાર | સંકેત - સ્વાતી |
| હેતવી - જૈનમ | ટવીશા - દિવ્યાન | અનાયા - વેદ |

કાર્યો કરનાર દુઃખી છે જ્યારે બીજાને ત્રાસ આપનાર સુખી છે. આ બધા કર્મના ખેલ છે. આથી જ વિદ્વાનો કહે છે કે ગહના કર્મનો ગતિઃ। અર્થાત્ કર્મની ગતિ અતિ ગહન છે.

(૪) **પુરૂષાર્થવાદ :-** આ વિચારધારવાળા કહે છે કે પુરૂષાર્થ વિના દુનિયાનું એક પણ કાર્ય સફળ થઈ શકતું નથી. જે કાર્યો થાય છે તેની પાછળ કર્તાનો પુરૂષાર્થ રહેલો છે. કેરીની ગોટલીમાં કેરી ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. પરંતુ કોઠારમાં પડેલી ગોટલીમાંથી આંબાનું ઝાડ તૈયાર થશે ખરું ? આજે માનવીએ જે કાંઈ વિકાસ સાધ્યો છે તે તેના પુરૂષાર્થને આભારી છે. ચંદ્ર પર માનવી પહોંચ્યો તે પુરૂષાર્થને કારણે જ. કોઈ ભૂખ્યા માણસને મિઠાઈનો થાળ સામે મૂકીને બટકું મોઢામાં આપીએ પણ તે ચાવે અને ગળે ન ઉતારે તો ભૂખ નહીં મટે. એ પુરૂષાર્થ તેણે પોતે જ કરવો પડશે. આમ પુરૂષાર્થ જ મહાન છે તેમ તેઓ માને છે.

(૫) **નિયતિવાદ :-** આ દર્શન થોડું ગંભીર છે. પ્રકૃતિના અટલ નિયમોને નિયતિ કહે છે. નિયતિવાદની વિચારધારાવાળા નું કહેવું છે કે જે કાંઈ કાર્યો થાય છે તે બધો નિયતિને આધીન છે. સૂર્ય પૂર્વમાં જ ઊગે છે. પશ્ચિમમાં કેમ નહિં ? કમળ પાાણીમાં જ ઊગે છે, પથ્થરમાં કેમ નહિ ? પક્ષીઓ આકાશમાં ઊડે છે, પશુઓ શા માટે નહિ ? આ બધા પ્રશ્નોનો જવાબ એ છે કે પ્રકૃતિનો નિયમ અટલ છે. ફરી શકે નહિ. જો તેમાં પરિવર્તન થાય તો સંસારમાં પ્રલય જ થઈ જાય. દુનિયાની સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ જાય. આથી જ નિયતિ મહાન છે. તેની પાસે બીજા બધા સિધ્ધાંત તુચ્છ છે. કોઈપણ વ્યક્તિ પ્રકૃતિના નિયમો વિરુધ્ધ જઈ શકે નહિં.

● **ભગવાન મહાવીર પ્રરૂપિત અનેકાંતવાદની સાર્થકતા તથા સિધ્ધી :-** ભગવાન મહાવીરે આ એકાંતવાદોની સંઘર્ષ સમસ્યાને ઊડાણથી સમજી-વિચારી તેના સમાધાનરૂપે અનેકાંતવાદ મૂક્યો. આ વાદ મુજબ આગળ બતાવેલી પાંચેય વિચારધારા પોતપોતાની રીતે બરાબર છે. પરંતુ કોઈપણ કાર્યની પાછળ એક જ વાદ કામ કરે છે તે વાત વાસ્તવિકતા નથી. કદાચ એક વાદની મુખ્યતા હોઈ શકે અર્થાત એક વાદનો હિસ્સો ૮૦% હોય તો બીજા ચાર ૨૦% માં આવી જતા હોય. પણ એક જ વાદ મુખ્ય હોય તેવું બની શકે નહિ. સંસારમાં થતાં દરેક કાર્યની પાછળ પાંચે પાંચ સમવાય રહેતા છે. કોઈ એક થી જ સમગ્ર કાર્ય સિધ્ધ થાય તેવું બની ન શકે. આથી જે વિચક્ષણ અને બુધ્ધિમાન મનુષ્યો છે તે કોઈ એક જ વાદનો દુરાગ્રહ છોડીને બધાને સાથે રાખી કાર્ય કરે છે. બધાના સમન્વય વગર સફળતા સંભવી જ ન શકે. ભગવાન મહાવીરની આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજીએ....

(૧) જ્યારે માળી દ્વારા કોઈ બીજને કે ગોટલાને વાવવામાં આવે છે તો તેમાંથી અંકુર ફૂટે છે તે તેનો સ્વભાવ છે. પરંતુ બીજ વાવ્યા પછી તેને ખાતર - પાણી - વાડથી રક્ષણ કરવું વગેરે ઉદ્યમ કરવો જરૂરી છે. તેનો કાળ પાકશે પછી જ તેમાં થી અંકુર ફૂટશે, શાખા નીકળે, પાંદડી-ફળ-ફૂલ વગેરે આવશે. આ બધું કર્યા પછી જો તેની નિયતિ હશે તો જ તે બીજ ફૂલી ફાલી વૃક્ષ બનશે. જો તેનું આયુષ્ય કર્મ બળવાન નહિં હોય તો તે વૃક્ષ ફૂલી ફાલી શકશે નહિ.

(૨) એક જીવાત્મા જ્યારે સંસાર છોડી સિધ્ધગતિ પ્રાપ્ત કરે છે. તેની પાછળ પણ આ પાંચે બાબતો ઘણી મહત્વની રહેલી છે. સર્વપ્રથમ સંસારી જીવને લઈએ તો કર્મ દ્વારા જ તે સંસારમાં ભટકી રહ્યો છે. કર્મને જીવથી અલગ પાડવા માટે કઠિન પુરૂષાર્થ જરૂરી બને છે. આમ છતાં જે ભવી હોય તે જ મોક્ષની સાધના કરી શકે છે. કારણ તે જ તેનો સ્વભાવ છે માટે કરી શકે છે. જે જીવનો મોક્ષ થવાનો છે તે કેવળીએ કેવળજ્ઞાનમાં જોયેલું છે. આમ તે તેની નિયતિ છે જ અને મોક્ષ પણ જ્યારે એનો સમય પાકશેત્યારે જ થશે આથી કાળ એ રીતે મહત્વનો છે.

● **ઉપસંહાર :-**

ઉપરના બંને દૃષ્ટાંતો દ્વારા એ સાબિત થાય છે કે કોઈપણ કાર્યની પાછળ ઘણી બધી બાબતો રહેલી છે. આથી કોઈ એક જ બાબતને કોઈ એક કાર્ય માટે જવાબદાર ગણી શકાય નહીં. અનેકાંતવાદ આ જ બાબતનું સમર્થન કરે છે. સમન્વય દ્વારા સંઘર્ષને ટાળો. વૈમનસ્યને વિહારી સાયુજ્ય સાધવું એ વાત જ મહત્વની છે. અનેકાંતવાદ દ્વારા એ શક્ય બને છે તેથી જ તે શ્રેષ્ઠ છે, શિરમોર છે. આજે એકાંતવાદને કારણે ચારેબાજુ સંઘર્ષ - જડતા - સમસ્યાઓ - વેર-ઝેર અને જિદ જોવા મળે છે. જેને કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. આ સમસ્યાઓનું સમાધાન એટલે મહાવીરદેવનો અનેકાંતવાદ - સમન્વયવાદ - સ્યાહવાદ. તેનાથી ગામ કોઈ એક માનવીનું નહિં, ચોક્કસ સમાજનું નહિં પરંતુ સમગ્ર વિશ્વનું અને સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ થઈ શકશે. આ વાતને આજે નહિ તો કાલે સમગ્ર દુનિયાએ સ્વીકારવી જ પડશે.


**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી**

Name : Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal
Banker : Bank of India
Branch : Bullion Exchange Branch Mumbai
A/c No. : 000810100006108
80G AACTS 1446 GF 20214 DT.28-05-21

**(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને ૯૮૩૩૫૦૦૫૦૮ના વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી)**

## હાર્દિક શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૨૭-૧૦-૧૯૪૭

અરિહંત શરણ :
તા.: ૦૬-૦૯-૨૦૧૭

# સ્વ. પ્રફુલચંદ્ર નરભેરામ મહેતા

**મૂળ વતન : મઘરવાડા        હાલ : કાંદિવલી**

**આપનો મિલનસાર સ્વભાવ, નિર્મળ હૃદય, ધર્મપ્રેમી, વિવેકશક્તિ અને દરેક કુટુંબીજનોને ઉપયોગી થવાની સદભાવના નિરંતર યાદ રહેશે. આપનું આદર્શમય જીવન અમોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. પ્રેમ, સ્નેહ અને સંસ્કાર વડે આપે અમારા જીવનનું ઘડતર કર્યું અને આપના આશીર્વાદથી અમો આ મુકામ પર ઉભા રહી શક્યા છીએ. આપનાં અનંતો ઉપકાર કદી ભૂલી શકીશું નહિ. આપની અમી દ્રષ્ટી અમારા પર વરસતી રહે.**

**રહેવાને કોઈ સદાય આવતું નથી, છતા તમે ગયા તેમ કોઈ જતું નથી,**
**વિદાય એવી લીધી કે મન હજુ માનતું નથી, નિર્દોષ હસતું મુખડું નજર સામેથી જતું નથી.**
**જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજતા રહે.**

**હે પરમ કૃપાળુ પરમાત્મા, સદગતના આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પો**
**એવી અમારા સહ પરિવારની પ્રાર્થના**

***લી.: સ્વ. નરભેરામ સવજી મહેતા પરિવાર***

**પત્ની : સુદર્શનાબેન પ્રફુલચંદ્ર મહેતા ● બહેન-બનેવી : સરલાબેન - રસિકલાલ ફૂલચંદ ગાંધી**
**પુત્ર-પુત્રવધુ : મેહુલ - સોનાલી તથા સ્નેહલ - શ્રુતિ ● પુત્રી : સેજલ**
**પૌત્ર : કાવ્ય, નીવ ● ભાણેજ : કવિતા, નીરેન, રાજુલ, જય**

***મોટી પાનેલી નિવાસી શ્રી ગોકળબાપાના જમાઈ***

Kayami - Sept.

## જીવનનાં ખેલમાં જે અક્કડ બનીને ઊભા રહે છે તે ઉથલી પડે છે. સારી શ્રેષ્ઠ વસ્તુને શોધવી પડે ખરાબ એની મેળે આવી જાય.

– શ્રી મહેન્દ્રભાઈ પુનાતર

આ જગતમાં કોઈ પણ સારી વસ્તુ એની મેળે મળતી નથી. તેને શોધવી પડે છે. તે મેળવવા માટે પ્રયાસો કરવા પડે છે. કેટલીક ચીજો એવી છે જે પૈસાથી ખરીદી શકાતી નથી. પ્રબળ ઈચ્છા અને પુરૂષાર્થ હોય તો તે મળે છે. ઉત્તમ જે છે તેને મેળવવા માટે આપણે સામેથી જવું પડે છે. તેના માટે નમ્રતા ધારણ કરવી પડે છે. અને અહંકાર શૂન્ય બનવું પડે છે. આમાં હુકમ કે આદેશ કામ આવતો નથી. માત્ર પ્રાર્થના અને અરજ કામયાબ બને છે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે પૈસાથી બધું મળી શકે છે. આપણે પૈસાને ત્રાજવે બધું તોળીએ છીએ અને હિસાબ કિતાબ માંડીએ છીએ. કેટલીક વખત વસ્તુ સામે પડી હોય આમ છતાં આપણી નજર જતી નથી. કારણ કે માણસ દૂર તરફ મીટ બાંધીને બેઠો છે. આપણી પાસે જે સુખ છે તે આપણને દેખાતું નથી. બીજાનું સુખ સારૂં લાગે છે. જે હાથમાં હોય છે તેની કિંમત રહેતી નથી. અને જે હાથમાંથી છટકી જાય છે તે મૂલ્યવાન બની જાય છે. જગતમાં જે સારૂં છે તે મેળવવાં માટે મહેનત અને પુરૂષાર્થ અને પ્રયાસો કરવા પડે છે. અને જે વગર મહેનતે સહેલાઈથી આપણાં હાથમાં આવી જાય છે તેની કિંમત રહેતી નથી. મફતમાં મળેલી કોઈપણ ચીજમાં લાંબો સમય રસ રહેતો નથી. મહેનતથી મળેલું ભલે નજીવું હોય પરંતુ તેનો આનંદ અપાર છે.

માણસને ક્યાંયને ક્યાંય અહંકારનું પડ વળગેલું છે. કોઈને ધનનો, કોઈને પદનો, કોઈને જ્ઞાનનો, તો કોઈને પ્રતિષ્ઠાનો અહંકાર હોય છે. કેટલીક વખત આ અહંકાર બહાર દેખાતો નથી. પણ આ અહંકાર તેને શ્રેષ્ઠ પાસે જવા દેતો નથી. તે તો એમજ માને છે બધા એની પાસે આવે. તેની વાહ વાહ કરે. એને કોઈની પાસે જવાની જરૂર નથી. કહેવાતા શ્રીમંત પ્રતિષ્ઠિત માણસો, રાજકીય નેતાઓ અને વગદાર માણસો ગમે તેટલો સારો સત્સંગ હોય, ગમે તેટલું સારૂં પ્રવચન કે વ્યાખ્યાન હોય કે ગમે તેવો સારો સંગીતનો જલસો હોય પણ તેઓ લોકોની વચ્ચે બેસીને માણી શકતા નથી. તેઓને આમંત્રણ અને આગ્રહ હોય, આગળની સીટમાં બેસવાનું હોય તે સિવાય તેઓ કાર્યક્રમમાં હાજરી આપતા નથી. ઉંચા આસને મંચ પર બેસવાની જેમની અપેક્ષા હોય તેમને આગલી સીટ પણ માફક આવતી નથી. અને હાજર રહ્યાં પછી પણ તેમનું ધ્યાન કાર્યક્રમમાં હાજરી આપતા નથી. ઉંચા આસને મંચ પર બેસવાની જેમની અપેક્ષા હોય તેમને આગલી સીટ પણ માફક આવતી નથી. અને હાજર રહ્યાં પછી પણ તેમનું ધ્યાન કાર્યક્રમમાં હોતું નથી. પરંતુ પોતાનાં કરતાં બીજા કોને વધું માન મળ્યું. આયોજકોએ તેમના તરફ કેમ વધુ ધ્યાન ન આપ્યું તેમાં અટવાયેલું રહે છે. આ બધી બાબતો અને તેમનો અહંકાર તેમને સારૂં સાંભળવા અને માણવા દેતો નથી. તેઓ કાંઈકને કાંઈક અહંકારનો ફૂગ્ગો ફૂલાવીને પાછા ફરે છે. તેઓ સામાન્ય માણસ બની શકતાં નથી અને જીવનનો મોટો લ્હાવો ગુમાવે છે.

જીવનમાં કંઈ પણ સારૂ પ્રાપ્ત કરવું હોય તો અહંકારને ઓગાળવો પડે. મારા જેવું કોઈ નથી હું બધું જાણું છું. એવા ભાવે જઈએ તો કશું હાથમાં આવે નહીં. એક અદના માણસ તરીકે પોતાને ગણીને અને નમ્રતાનો ભાવ રાખીને સારી વસ્તુને શોધી શકાય છે. જે સારૂં છે તે શોધવું પડે છે. ખરાબ એની મેળે આવી જાય છે.

પરમાત્માના દ્વાર પર આપણે આવી રીતે જવું પડે. મંદિરમાં બધા ચહેરાને ઉતારી નાખવા પડે. માત્ર નમ્રતાનો ચહેરો ધારણ કરવો જોઈએ તો જ પ્રભુના દર્શન થઈ શકે. પ્રભુ આપણી સન્મુખ હોય છે. પરંતુ માન અભિમાન અને અહંકારના પડળો આમાં બાધારૂપ બને છે. શોધ્યા વગર પ્રભુ પણ મળે નહીં. નમ્રતા, સરળતા અને સહજતા અને મન સાફ હોય તો પ્રભુની શોધ ગહન બની જાય. પછી જ્યાં જુઓ ત્યાં પરમાત્મા નજરે પડે. પ્રભુ કોઈ પણ સ્વરૂપે આપણી પાસે આવી જાય. પ્રભુનું સ્વાગત કરવા માટે ખુલ્લુ દિલ, પ્રેમ અને આનંદસભર હૃદય જોઈએ.

મહાભારતના યુદ્ધમાં પાંડવો અને કૌરવો કૃષ્ણની મદદ માટે ગયા. કૃષ્ણ સુતા હતા. તેઓ જાગી જાય ત્યાં સુધી રાહ જોવાની હતી. દુર્યોધને મસ્તક પાસે સ્થાન ગ્રહણ કર્યુ અને પાંડવોની પ્રતિનિધિ અર્જુને પગ પાસે બેઠક લીધી. દુર્યોધન પગ પાસે બેસી શકે નહીં. આ મસ્તક પાસે બેસવાનું અને પગ પાસે બેસવાનું ઘણું સૂચક છે. આમાં દુર્યોધનનો અહંકાર અને અર્જુનનો નમ્રતા હતી. જ્યાં નમ્રતા હોય ત્યાં પ્રભુ સમીપ હોય છે. કૃષ્ણની આંખો ખુલી તો પ્રથમ નજર અર્જુન પર પડી. પસંદગીની વાત આવી તો એક બાજુ કૃષ્ણ હતા અને એક બાજુ તેમની આખી સેના હતી. દુર્યોધને સેનાને પસંદ કરી અને અર્જુને કૃષ્ણની પસંદગી કરી. એમાં પણ નમ્રતા

અને સમર્પણ ભાવ હતો.

જે માણસો અક્કડ બનીને રહે છે, તેઓ જીવનના ખેલમાં હારી જાય છે. વાવાઝોડામાં અક્કડ બનીને ઉભા રહેતા વૃક્ષો ઊથલી પડે છે. જ્યારે નાનાં તરણાઓ વાંકા વળીને નમી જાય છે. વાવાઝોડું તેના પરથી પસાર થઈ જાય છે. અને તેઓ પાછા બેઠા થઈ જાય છે. વાવાઝોડું તેમને પરેશાન કરી શકતું નથી. હું કંઈક છું મારા જેવું બીજું કોઈ નથી મને કોઈ પરાજિત કરી શકે નહીં એ માણસનો અહંકાર છે. જેમનામાં સંયમ અને સંતુલન નથી તેઓ જીવનના આ તંગ દોર પર ગબડી પડે છે.

જીવનમાં સંતુલન રાખવા માટે મહાવીરે એક માર્ગ બતાવ્યો છે તે છે સમ્યક માર્ગ. જીવનમાં કાંઈ વધુ નહીં. કંઈ ઓછું નહીં. સમ્યક એટલે મધ્યમાં રહેવું. કોઈપણ અતિ પર જતા અટકવું. કોઈ પણ વસ્તુ અતિ સારી નથી. બધી વસ્તુઓનો વિવેક પૂર્વક ઉપયોગ કરવો. જીવનમાં બધું જ છે. ભલાઈ છે, બુરાઈ છે, સારૂં છે, ખરાબ છે. સુખ છે દુઃખ છે પ્રેમ છે, નફરત છે. માણસે આ બધા દ્વંદો વચ્ચે પસંદગી કરવાની છે.

જીવનમાં હાર-જીત, સફળતા-નિષ્ફળતા, ચડાવ-ઉતરાવ આવવાના છે. એકલી જીતથી જીવન નથી બનતું. એકલું સુખ મળે તો પણ માણસ થાકી જશે. દુઃખ છે એટલે જ સુખની કિંમત છે. જીવનમાં કોઈપણ માણસ સંપૂર્ણ નથી. માનવ માત્ર અધૂરા. જીવનમાં થોડી મીઠાશ અને થોડી ખટાશ જરૂરી છે. ખટાશ મીઠાશનું પ્રથમ ચરણ છે. ફળ કાચું હોય ત્યારે ખાટું હોય છે. પાકે છે તયારે મીઠું બની જાય છે. જીવનમાં સફળતા માટે પણ પ્રયત્નો સાથે ધીરજ અને પ્રતીક્ષાની જરૂર છે.

સફળતાની સાથે માણસમાં નમ્રતા ન આવે તો તેનું કોઈ મૂલ્ય રહેતું નથી. સંયમ અને સાવધાની ન રહે તો જયને પરાજયમાં પલટાતા વાર લાગતી નથી. માણસે આ અંગે આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. આ અંગે કુતુબ આઝાદની એક રચના જોઈએ.

**''સાગર જો થવું હોય તો છલકાઈ જવું પડશે**
**ખારાશ ભરી હેયે હરખાઈ જવું પડશે**
**અજવાળું થઈ જગતમાં ફેલાઈ જવું હોય તો**
**સૂરજ થઈ અગ્નિમાં શેકાઈ જવું પડશે**
**થાવું હશે જખ્મોને અળગા જો જીગરમાંથી**
**આંસુ થઈ આંખોથી રેલાઈ જવું પડશે**
**લેવું હશે સોનાને જો રૂપ ઘરેણાનું**
**તો તાર થઈ ખેંચાઈ જવું પડશે**
**''આઝાદ'' મહોબ્બતનો એક એવો નિયમ પણ છે**
**કંઈ પામવા ચાહો તો ખોવાઈ જવું પડશે.''**

## BIO DATA



**Dharmik Kirtikumar Mehta**

| | | |
|---|---|---|
| **Date of Birth** | : | 26th August 1993 |
| **Time of Birth** | : | 6.30 pm. |
| **Place of Birth** | : | Nallasopara |
| **Height** | : | 5' 5" |
| **Weight** | : | 75 kg. |
| **Education** | : | PG Diploma in Data Science.<br>Manipal Academy of Higher Education<br>(Bangalore) |
| **Employment** | : | Junior Manager - Paytm Payments Bank |
| **Hobbies** | : | Sports, Adventure Activities etc. |

***Family Details***

| | | |
|---|---|---|
| **Grand Father** | : | Late Chandulal Harilal Mehta |
| **Grand Mother** | : | Late Pushpa Chandulal Mehta |
| **Father** | : | Kirti Chandulal Mehta |
| **Occupation** | : | Service at Zaveri Bazar |
| **Mother** | : | Rita Kirti Mehta (Homemaker) |
| **Elder Brother** | : | Bhaumik Kirtikumar Mehta, (MBA)<br>Assistant Manager, PWC Singapore |
| **Sister in Law** | : | Nidhi Bhaumik Mehta (Dietitian) |
| **Native Place** | : | Moti Paneli |
| **Address** | : | 501, Shyam Krupa, Daulat Nagar,<br>Road No.3, Borivali (E), Mumbai - 400066 |
| **Contact** | : | +91 90224 46364 (own)<br>+91 93236 12909 (Kirti Mehta) |
| **Email** | : | dharmikmehta26@gmail.com |

https://www.instagram.com/mehtadharmik/
https://www.linkedin.com/in/dharmikmehta26/

# ડૉક્ટરની ડાયરી

ડૉ.શરદભાઈ ઠાકર

## મઝહબી બહસ મૈંને કી હી નહીં, ફાલતૂ અકલ મુઝ મેં થી હી નહીં.

**જાવેદ પાસે અસંખ્ય સવાલો હતા. ડોક્ટર પાસે તમામના જવાબો હતા, પણ એ જવાબો આપવા માટેનો સમય ન હતો.**

ડૉ.મહેતા સિનિયર ગાયનેકોલોજિસ્ટ છે. ચાર દાયકાની પ્રાઈવેટ પ્રેક્ટિસમાંથી મારી જેમ જ તાજેતરમાં નિવૃત્ત થયા છે. અમે બંને નિવૃત્ત મિત્રો ભૂતકાળના અનુભવોને વાગોળવા બેઠા હતા મેં પૂછ્યું, ''તમારી કારકિર્દીનો સૌથી અઘરો અને યાદગાર કિસ્સો જણાવો.'' મારો પ્રશ્ન સાંભળીને ડૉ.મહેતાએ હાથમાં પકડેલો ચાનો કપ ટિપોઈ પર મૂક્યો. આંખો બંધ કરીને અતીતની વાટે ઊપડી ગયા. કોઈ મરજીવો દરિયામાં ડૂબકી મારે અને મોતી શોધી લાવે તેવી રીતે ડૉ.મહેતા પણ ભૂતકાળના મહાસાગરમાં જઈને ઘટનાનું મોતી લઈ આવ્યા. ઘટના કંઈક આ પ્રમાણે બની હતી. ત્રીસેક વર્ષ પહેલાંની ઘટના. બપોરના સાડા બાર વાગ્યા હતા. ડૉ.મહેતા ઓ.પી.ડી.માં દર્દીઓ તપાસતા બેઠા હતા. પણ એમનું મન બીજે ક્યાંક રોકાયેલું હતું થોડી થોડી વારે તેઓ નર્સને પૂછી લેતા હતા, 'સિસ્ટર ઝુબેદાબાનું સોનોગ્રાફીનો રિપોર્ટ લઈને આવી ગયાં ?' નર્સ દરેક વખતે ના પાડતી હતી. અને દરેક વખતે ડૉ.મહેતા એને સૂચના આપતા હતા, 'ઝુબેદાબાનું જેવા આવે એવાં જ એમને મારી પાસે મોકલી આપજો. એને બેસાડી નહી રાખતા.' ઝુબેદાબાનુના કિસ્સામાં એવું તો શું હતું કે ડૉક્ટર એનો રિપોર્ટ જાણવા માટે ઉત્સુક અને ચિંતાતુર હતા ? ડોક્ટરે બહુ રાહ જોવી ન પડી. ઝુબેદાબાનુ અને એનો શૌહર રિપોર્ટ લઈને તે પહેલાં જ ટેબલ પર પડેલા લેન્ડલાઈન ફોનની રિંગ ગુંજી ઊઠી. સામા છેડે સોનોલોજીસ્ટ ડૉ.સુનીલ શાહ બોલતા હતા, 'ડૉ. મહેતા, તમે રિફર કરેલાં ઝુબેદાબાનુની સોનોગ્રાફી હમણાં જ પુરી કરી. એને રાઈટ સાઈડેડ રપ્ચર્ડ એક્ટોપિક પ્રેગ્નન્સી છે. મેં એમને સલાહ આપી છે કે એક મિનિટનો પણ સમય બગાડ્યા વગર એ તમારી પાસે પહોંચી જાય. તમને પણ તાકીદ કરૂં છું કે ઝુબેદાને વોર્ડમાં પથારીમાં ન સુવડાવશો. એને સીધી જ ઓપરેશન ટેબલ પર લેજો. મારા સેન્ટરથી તમારા નર્સિંગહોમ સુધી પહોંચતા એને ત્રીસેક મિનિટ તો લાગશે જ એના પેટમાં બ્લીડિંગ ચાલુ થઈ ગયું છે. તમારા સુધી પહોંચશે ત્યારે તેની સ્થિતિ વધારે ગંભીર બની ગઈ હશે. તમારી પાસે માત્ર ત્રીસ મિનિટ બચી છે. એટલીવારમાં તમે એનેસ્થેટિસ્ટને બોલાવી રાખજો. ઝુબેદા બચી જાય એ માટે મારી શુભેચ્છા.' ડૉ.શાહની વાત સાંભળીને ડૉ.મહેતાની કરોડરજ્જુમાંથી વીજળીનો કરન્ટ પસાર થઈ ગયો. શરીરની અંદર એડ્રિનાલીનનો ધોધ છૂટ્યો. ગાયનેક પ્રેક્ટિસમાં જે ત્રણ-ચાર મોસ્ટ અર્જન્ટ કન્ડિશન ગણાય છે, તેમાંની એક એટલે કે ફેલોપિયન નળીમાં ગર્ભ રહી જવાને નળીની દીવાલ ફાટી જવી તે હોય છે. જે સ્ત્રીની જિંદગીમાં આવું બને છે તે માત્ર ત્યારે જ નળીમાંથી ઈન્ટરનલ હેમરેજ શરૂ થવા માંડે છે અને દર્દીની સ્થિતિ ઝડપથી બગડતી જાય છે. આખા શરીરમાં ફરતું લોહી પેટમાં જમા થવાં લાગે છે. નાડીના ધબકારા મંદ પડવા માંડે છે. અને દર્દીનું બી.પી. ઘટવા લાગે છે. લોહી દ્વારા મળતો ઓક્સિજનનો પુરવઠો શરીરનાં તમામ અંગોને કાર્યરત રાખવા માટે હોય છે. જ્યારે આ પુરવઠો ખોરવાય છે ત્યારે મગજ અને કિડની જેવા અંગો કામ કરતાં બંધ થઈ જાય છે. એક ક્ષણ એવી આવે છે કે જ્યારે દર્દીની સ્થિતિ જીવન અને મૃત્યુ વચ્ચે એક કાચા તાંતણા પર ઝુલતી હોય છે. એવા વળાંક પર હવે ઊભો છે કાફલો. ''અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ. (કવિ કિસન સોસા)'' ડૉ.મહેતાએ એનેસ્થેટિસ્ટને બોલાવી લીધા. વેઈટિંગ રૂમમાં બેઠેલા દર્દીઓને હાથ જોડીને કહી દીધું, 'તમે બધા કાલે આવજો. એક સ્ત્રીની જિંદગીનો સવાલ છે.' આટલીવારમાં ઝુબેદાને લઈને એનો પતિ જાવેદ હુસૈન આવી પહોંચ્યો. લિફ્ટ બંધ હતી. ઝુબેદા પગથિયાં ચડીને આવી અને વેઈટિંગ રૂમના સોફામાં ફસડાઈ પડી. જાવેદ ગભરાઈ ગયો. **'ક્યા હુઆ મેરી બીબી કો ? સાબ, કુછ કિજિયેના! વો સોનોગ્રાફીવાલે ડૉક્ટરને આપકો ક્યા બોલા ?' જાવેદ પાસે અસંખ્ય સવાલો હતા. ડૉક્ટર પાસે તમામના જવાબો હતા. પણ એ જવાબો આપવા માટેનો સમય ન હતો.** ત્યાં ઉપસ્થિત એનેસ્થેટિસ્ટે ઝુબેદાને પલ્સ તપાસીને ડૉ.મહેતાને કહ્યું, 'શી મે ડાઈ ઓન ઓપરેશન ટેબલ. ઈન માય ઓપિનિયન. ધિસ ઈઝ નોટ એ કેસ ટુ બી ઓપરેટેડ ઈન પ્રાઈવેટ નર્સિંગહોમ. હર રિલેટિવ્ઝ મે...' ડૉ.મહેતા ધ્રુજી ઊઠ્યા. એમણે એક નજર ઝુબેદા તરફ ફેંકી. ફિક્કો ચહેરો, ધોળીફક્ક જીભ અને ડૂબતી પલ્સ, મોતની આલબેલ પોકારતી હતી. ડોક્ટરે બીજી નજર જાવેદ હુસૈન તરફ ફેંકી. ઊંચો કદાવર દેહ, મધપૂડા જેવી દાઢીથી ડરામણો લાગતો ચહેરો અને મોટી લાલઘૂમ આંખો ડૉક્ટરને અંદરથી 'ના' સંભળાતી હતી કે ઝુબેદાનું ઓપરેશન ન કરવું જોઈએ. આમ પણ જો આ ઓપરેશન સફળ થાય તોય યોગ્ય વળતર તો મળવાનું જ ન હતું. ગેરેજમાં મિકેનિક તરીકે કામ કરતો જાવેદ કેટલા રૂપિયા આપી શકવાનો હતો ? જો ઓપરેશન નિષ્ફળ જાય તો ઘણુંબધું નુકસાન થઈ શકે તેમ હતું. ઓપરેશનનો ખર્ચ તો બાજુ પર મૂકીએ. પણ ધોળા દિવસે પોતાના નર્સિંગહોમમાં કોઈ દર્દી મૃત્યુ પામે એ ઘટનાથી ડોક્ટરની કેટલી બદનામી થાય. એ

મુદ્દો પણ નાનોસૂનો ન હતો. ઝુબેદાના મૃત્યુ પછી જાવેદ હુસૈનનું રિએક્શન કેવું આવશે. એ પણ કહી શકાય તેમ ન હતું. જો સગાંઓ ખાનદાન હોય તો પરિસ્થિતિને સમજી શકે, જો અણઘડ, અજ્ઞાની અને ઝનૂની હોય તો ડૉક્ટર સાથે ઝઘડો પણ કરી બેસે. દવાખાનામાં તોડફોડ કરવાની કે ડૉક્ટર સાથે મારપીટ કરવાની શરૂઆત હજુ ત્યારે થઈ ન હતી. 'ક્યા બાત હૈ ડૉક્ટર સાબ?' જાવેદ હુસૈને પૂછ્યું, 'આપ કિસ ઉલઝનમેં પડ ગયે હૈ?' ડૉ.મહેતાએ માત્ર એક મિનિટમાં ઝુબેદાની સ્થિતિ સમજાવી દીધી. બીજી અડધી મિનિટમાં પોતાનો ભય રજૂ કરી દીધો. પછી ઉમેર્યુ, 'યે શીશી સૂંઘાનેવાલે ડૉક્ટર બોલતે હૈં કી યહ ઓપરેશન મત કરો. કુછ ભી હો સકતા હૈ. અગર કુછ અનહોની હો ગઈ તો...' જાવેદની આંખોમાં નરમી આવીને બેસી ગઈ. એણે મક્કમતાથી કહ્યું, સાબ, આપ ઓપરેશન શુરૂ કિજીયે. મૈં પાક ઈન્સાન હૂં. પાક નમાઝી હૂં મુઝે માલિક પે ભરોસા હૈ ઔર આપ કે હાથ પે ભી ભરોસા હૈ. બાકી, સબ ચિંતા છોડ દો. જબ તક જાવેદ હુસૈન જિંદા હૈ, આપકા બાલ ભી બાંકા નહીં હોગા. ડૉ.મહેતા ઓપરેશન થિયેટરમાં ગયા અને જાવેદ બાજુના ખાલી પડેલા રૂમમાં ગયો. જમીન પર ચટાઈ પાથરીને બેસી ગયો. જ્યાં સુધી ઓપરેશન ચાલ્યું ત્યાં સુધી જાવેદની બંદગી ચાલી. અડધા ક્લાક પછી થિયેટરનું બારણું ખૂલ્યું ડોક્ટરનો હસતો ચહેરો કહી આપતો હતો કે ઝુબેદા જીવે છે તે જમાનામાં મેજર ઓપરેશન થયું હોય તેવા દર્દીને પૂરા સાત દિવસ સુધી હોસ્પિટલમાં રાખવામાં આવતા હતા. ઘરે જતી વખતે જાવેદે આઠ સો રૂપિયા ડૉક્ટરના હાથમાં મૂકીને કહ્યું, 'અભી તો ઈતને રૂપયે હૈ મેરે પાસ. આપકા બાકી બિલ મૈં બાદ મેં ચૂકા દૂંગા. એક પૈસા ભી કમ નહીં દૂંગા' જાવેદની આંખોમાં ઝલકતી ખુશી અને અવાજમાં પડઘાતી સચ્ચાઈ ડૉક્ટરને સ્પર્શી ગઈ. એમણે કહી દીધું,'ભવિષ્ય મેં એક ભી પૈસા દેને કા નહીં. સમઝ લો કી પૂરા બિલ તુમને ચુકા દિયા' ઈદનો મુબારક દિવસ આવ્યો. જાવેદનો ફોન આવ્યો, 'સાબ, આપ હમારે ઘરપે આઈએ ઔર હમારે ઘર કો રોશન કિજિયે.' ડૉ.મહેતા અચકાયા. શહેરની પરિસ્થિતિ અશાંત હતી અને જાવેદ સંવેદનશીલ વિસ્તારમાં રહેતો હતો. ડૉ.મહેતાનું મૌન જાવેદ સમજી ગયો. એણે અવાજના મજબૂત રણકા સાથે કહ્યું,'સાબ, સબ ચિંતા છોડકે આપ જરૂર આઈએ. પૂરે મહોલ્લે મેં મેરા સિક્કા ચલતા હૈ. મૈં લડકોં કો બોલ દેતા હૂં. જબ તક જાવેદ જિંદા હૈ, આપકા બાલ ભી બાંકા નહીં હોગા. **ઉસ દિન મૈને તુમ્હારે હાથોં પે ભરોસા કિયા થા. આજ તુમ જાવેદ કી જુબાન પે ભરોસા રખો.'** ડૉ.મહેતા એ સાંજે જાવેદના ઘરે ગયા. પૂરા બે કલાક રોકાયા અને ઈદ મુબારક પાઠવીને પાછા આવ્યા. આટલું કહીને ડૉ.મહેતા ચૂપ થઈ ગયા. મને લાગ્યું કે તેઓ કોમી એખલાસના એ સુખી સમયમાં ફરી રહ્યા હતા.

(શીર્ષકપંક્તિ : અકબર ઈલાહાબાદી)

### વાંચીએ, વિચારીએ, અંતરમાં ઉતારીએ

# : મૌન :

**સંકલન : હરીશભાઈ હરજીવન સાવડિયા પોરબંદર - ઘાટકોપર**

એક કન્યા પરણીને સાસરે ગઈ, પણ થોડા વખતમાં સાસુના ચીડિયા સ્વભાવથી વાજ આવી ગઈ. થોડી ભૂલ થાય અને સાસુ ઠપકો આપે. સાસુના ઠપકાની સામે ને સામે જવાબ આપે. પછી બાજી વણસતી જાય. અને મોટો ઝઘડો થઈ જાય. કુટુંબનું વાતાવરણ બગડતું ગયું. કંકાસ વધતા ગયા. કંટાળી ને તે કન્યા પિયર આવી ગઈ.

તેની માતા તેને એક સંત પાસે લઈ ગઈ. સંતને બધી હકીકત જણાવીને કહ્યું, મારી દીકરીના ઘરમાંથી ક્લેશ - કંકાશ બંધ થઈ જાય તેવો કોઈ ઉપાય બતાવો.

સંતે કહ્યું, આવતીકાલે આવજો એક માદળિયુ મંત્રીને તૈયાર રાખીશ.

બીજા દિવસે મા-દીકરી સંત પાસે ગયાં. સંતે કન્યાને એક માદળિયું આપીને સૂચના કરી આ માદળિયું તારે ગળામાં બાંધી રાખવાનું.

હવેનું નિશ્ચિત બનીને સાસરે જા. તારી સાસુ તને કાંઈપણ ઠપકો આપવાનું શરૂ કરે કે તરત હું આ માદળિયું તારા બે હોઠો વડે વચ્ચે દબાવી દેજે. જેના પ્રભાવથી ઝઘડો આગળ નહિં વધે. તે કન્યા તો ખૂબ ખુશ થઈ ગઈ. શ્રધ્ધાપૂર્વક માદળિયું સ્વીકારીને તે સાસરે ગઈ અને ખરેખર ચમત્કાર સર્જાઈ ગયો. સાસુ જરાક ગુસ્સો કરે કે તરત જ સંતની સૂચના મુજબ તે માદળિયું બે હોઠ પડે દબાવી દેતી. ઝઘડો તરત જ શમી જતો. તેમ કરતા કરતા સાસુનો સ્વભાવ જ બદલાઈ ગયો અને ઘરનું વાતાવરણ શાંતિ અને આનંદથી ભર્યું ભર્યું બની ગયું.

ઘણા વખત બાદ તે પોતાના ભાઈના લગ્ન પ્રસંગે પિયર આવી ત્યારે માતાને માદળીયાના ચમત્કારની વાત કરી. માતાની સાથે તે ફરી સંત પાસે આભાર માનવા ગઈ. સ્વામીજી ખરેખર આપના માદળિયાએ તો ચમત્કાર સર્જી દીધો. હવે તો ઘરનું વાતાવરણ એક દમ સુધરી ગયું છે. મારા સાસુજી સાથે હવે કોઈ ઝઘડા થતા નથી. આપે માદળિયામાં એવી કઈ જડીબુટ્ટી મૂકી હતી અથવા મંત્રો ભણ્યા હતા તે મારે ખાસ જાણવું છે.

જો બહેન, મેં કોઈ મંત્ર પણ ભણ્યો નથી કે કોઈ જડી બુટ્ટી પણ અંદર મૂકી નથી. આ ચમત્કાર માદળિયાનો નથી, પણ તારા મૌનનો છે. પહેલા સાસુના ઠપકા સામે તું પ્રતિકાર કરતી હતી, માટે ઝઘડો થતો હતો. હવે માદળિયું હોઠમાં દબાવવા દ્વારા તું સામે મૌન ધારણ કરવા લાગી. જેથી ઝઘડા બંધ થઈ ગયા. આ માદળિયાના બહાને મેં તને મૌન રહેવાની જ શિખામણ આપી હતી.

# ઘર – ઘર કી કહાની

નિવૃત્તિ પછી ઘરમાં ૨૪ કલાક રહેવાનું હોય છે. બાળકો મોટા થઈને નોકરી કરતા થઈ ગયા હોય છે. કોઈ જગ્યાએ પુત્રવધુ પણ નોકરી કરતા હોય છે. ત્યારે ઘરમાં ચલાવવાની બધી જ જવાબદારી વડીલો પર આવે છે. દિકરા અને વહુને સવારે અને સાંજે જમવાનું તૈયાર મળે, એટલે તેઓ બેફિકર બની ઘરનો બધીજ માતાપિતા પર નાખી ફરતા હોય છે. આ સમયે સમજદારી ના દાખવી તો માતાપિતાને કામવાળા તરીકે ગણી લે છે. એક વાર્તા જોઈએ, જેમાં નિવૃત પિતાએ દીકરાને ઘરની જવાબદારી કેવી રીતે સોંપી તે જોઈએ....

**લઘુ વાર્તા**

રાત્રે ૧૧ વાગ્યા હતા. હજુ સમીર અને તેની પત્ની આવ્યા ન હતા. લગ્ન પહેલાં તો સમજ્યા, કે સમીર મોડો આવતો, પણ લગ્ન પછીનું આ તેનું શિડ્યુલ મને વાગતું હતું. યુવાન છોકરાને ટોકવાનું અંદરથી ગમતું ન હતું. એટલે હું ચુપ રહી તમાશો જોતો રહેતો હતો. મેં મારી મર્યાદા સાચવી રાખી હતી, એટલે જ સમીર કે તેની પત્ની નયના મારી સાથે માથાકૂટ કરતા કે ઊંચા અવાજે વાત કરતા દસ વખત વિચાર કરતા. હું તેમની વ્યક્તિગત જીંદગીમાં કદી માથું મારતો ન હતો, તેનો મતલબ કે એ બન્ને દિવસે દિવસે સ્વચ્છંદી બનતા જતા હતા. હવે તેમને તેમની મર્યાદા અને જવાબદારી બતાવવાનો સમય આવી ગયો હોય તેવું મને લાગતું હતું. સરયુ પણ રોજ કહેતી છોકરા વિદેશ રહે કે અહીં રહે, બધું આપણા માટે તો સરખું જ છે. ઘરને ધર્મશાળા કે હોટલ સમજી ગયા છે. રોજ મોડા આવવાનું. વિકેન્ડના નામે ઘરની જવાબદારીઓ ઘરડા માઁ-બાપ ઉપર નાખી બહાર બે દિવસ ભાગી જવું. તેમની જરૂરિયાતો કીધા વગર બધી પુરી થાય છે, એટલે માઁ બાપ સાથે બે ઘડી બેસી તેની લાગણી કે તકલીફો જાણવાનો પ્રયત્ન પણ આ લોકો કરતા નથી. સરયુ બહારથી દુઃખી હતી, અને હું અંદરથી, એટલો જ માત્ર ફરક હતો. ભગવાનની કૃપાથી મને અને સરયુને કાર અને એક્ટિવા આવડતા હતા. અમે નિવૃત થયા પણ, શારીરિક રીતે ખડતલ હતા. અમારા દરેક કામ અમે જાતે કરતા. થોડા સમય પહેલા હું શાક લેવા ગયો ત્યારે એક્ટિવા ઉપરથી પડી ગયો હતો. ત્યારે જાતે કાર ડ્રાઈવ કરી સરયુ મને ડોક્ટર પાસે લઈ ગઈ, રિપોર્ટ એક્સરે બધું તેણે કરાવ્યું. પણ દીકરા વહુમાંથી કોઈ રજા લેવાનું નામ લેતા ન હતા. આવા વર્તન વ્યવહારની નોંધ હું મૂંગા મોઢે લઈ રહ્યો હતો. પણ સરયુના વર્તન ઉપર આવવા લાગ્યું હતું. આજે જ્યારે રાત્રીના ૧૧ વાગ્યે ડોર બેલ વાગ્યો ત્યારે સરયુ બેડરૂમમાંથી બહાર આવી બારણું ખોલ્યું. સામે સમીર અને નયના હસતા હસતા મસ્તી તોફાન કરતા ઘરમાં પ્રવેશ્યા. જાણે કોઈ કામવાળી બાઈએ બારણું ખોલ્યું હોય. નહિ સોરી, નહિ કોઈ શરમ કે સંકોચ. તેથી સરયુથી રહેવાયું નહીં એ બોલી બેઠી, આ ઘર છે ધર્મશાળા નથી. ઘરમાં આવવા જવાનો સમય નક્કી કરો. મોડા આવવાના હો તો જાણ કરો. બાકી રોજ મોડા મોડા આવવું... શનિ રવિ બહાર જતું રહેવું એ યોગ્ય નથી. ઘર પ્રત્યે અને માઁ બાપ પ્રત્યે તમારી પણ કંઈક જવાબદારી અને ફરજ બને છે. ત્યાં સમીર અને નયના એ સરયુને સામે જવાબ આપ્યો. તો અમારે આખો દિવસ તમારી સામે હાથ જોડી બેઠા રહેવાનું ! અમારી પણ દુનિયા હોય. હું બેડરૂમમાંથી બહાર આવ્યો. મેં કીધું સરયુ, રાતના ઘણું મોડુ થઈ ગયું છે, ખોટી ચર્ચા કરી આજુબાજુના સાંભળે તેવો તમાશો નથી કરવો. તે લોકોની વાત સાચી. તેમની અલગ પ્રકારની દુનિયા છે, નવરાં તો આપણે છીયે. મેં સમીર સામે જોઈને કીધું. બેટા સમીર, તારા શબ્દો મેં યાદ રાખ્યા છે. શબ્દોના બાણ તેં છોડ્યા છે. યોગ્ય સમયે બાણ તારે જ પાછા ખેંચવા પડશે. સરયુ ભીની આંખે બેડરૂમમાં આવી, અને બોલી. બધું તૈયાર માલે મળી ગયું, તેની ચરબી ચઢી ગઈ છે. જાતે ઉભા થાય તો ખબર પડે. અહીં જાત ઘસી નાખી છે ઘર માટે. સમીર સમજે છે શું તેમના મનમાં ? મેં સરયુના માથે હાથ ફેરવી કીધું. ડાર્લિંગ, દરેક વાતમાં જીભાજોડી ન હોય. અમુક વાતોનો જવાબ શાંતિ, સંયમથી અને યોગ્ય સમયે અપાય. જ્યાં આપણી લાગણીને નજર અંદાજ કરાતી હોય, ત્યાં લાગણી માટે ભીખ માંગવા કરતા આપણે આપણો રસ્તો બદલી લેવો એ ડાહી વ્યક્તિનું કામ છે. ભીખમાં માગેલ લાગણીનું આયુષ્ય કેટલું સરયુ ? હવે પછી ઘરના દરેક નિર્ણય હું લઈશ. તારે ચૂપ રહેવાનું છે. બીજે દિવસે મેં છાપું વાંચતા વાંચતા કીધું. સમીર, આપણા ઘરના તાળાની બે ચાવીઓ છે. હવે એક ચાવી તમે સાથે રાખજો. અમે ચોવીસ કલાક ઘરમાં રહેવા બંધાયેલ નથી, અમારી પણ દુનિયા છે. હવે તમે પણ સમયથી બંધાયેલ નથી, અને અમે પણ હવેથી અમારા સમય કે દિવસનું ઠેકાણું નહીં. આમેય અમે નિવૃત વ્યક્તિ છીએ, ઘરે કોણ અમારી રાહ જોતું હોય. ઘરે તાળુ જોવો ત્યારે, સમજી લેજો પપ્પા મમ્મી ફરવા ગયા છે. સમીર જીણી નજરથી મને જોતો રહ્યો. એ સમજી ગયો, પપ્પા હવે મેદાનમાં આવ્યા છે. મેં કીધું કાલ સવારથી હું અને તારી મમ્મી મોર્નિંગ વોક કરવા ગાર્ડનમાં જવાના છીએ. ત્યાંથી રોજ મંદિરે આરતીના દર્શન કરીને પાછા ફરીશું. તમે તમારૂં નિત્યક્રમ પતાવી ઘરને તાળું મારી જતા રહેજો. અમે અમારા સમયે ઘરે આવશું. સાંજે પણ મંદિરની આરતી અને સત્સંગ કરીને પછી નવ વાગે ઘરે આવીશું. ઓફીસેથી વળતા શાક અને રસોડામાં ખૂટતી વસ્તુની યાદી બનાવી જાતે લેતા આવજો. હવે અમે ઘરની જવાબદારીમાંથી નિવૃત થવા માંગીએ છીએ. સમીર અને નયના નીચું માથું કરી સાંભળી રહ્યા હતા. સમીર બોલ્યો : પપ્પા, સીધી રીતે કહોને તમારે અમને જુદા કરવા છે ! એ તારી સમજ શક્તિ ઉપર આધાર રાખે છે, મેં ફક્ત ઘરની જવાબદારીઓ ટ્રાન્સફર કરી છે. ઘર ટ્રાન્સફર કરવાની વાત નથી કરી. તારા મમ્મી પપ્પા પણ નોકરી કરતા હતા. બધું જાતે જ કરતા હતા ને ? ? એ બન્ને ઓફીસે ગયા પછી. મેં કીધું : સરયુ, હવે ઘરની જવાબદારીઓ માથે આવશે એટલે તેમને ખબર પડશે. સવારે દૂધ વહેલું ઉઠીને લેવું. ઘરકામ કરવા ઘાટી ઘરમાં આવશે ત્યારે આપણે ઘરમાં નહિ હોઈએ. સવારના ટિફિન અને રાત્રીના ડિનરની જવાબદારી હવે તેઓના માથે છે. શુક્રવારે રાત્રે મને કારને સાફ કરતા જોઈ સમીર બોલ્યો : પપ્પા, બહાર જવાની તૈયારી કરી છો ? હા બેટા ''લોંગ વિકેન્ડ'' *Weekend.* શનિવાર, રવિવાર અને સોમવાર, મંગળવારે અમે પાછા આવીશું. આબુ અંબાજી હું અને તારી મમ્મી જઈએ છીએ. બહુ દોડી દોડીને અમે નોકરી કરી. તમારી દુનિયા હોય, તેમ અમારી પણ દુનિયા હોય ને ! જે યુવાનીમાં અમે ન કર્યું, એ હવે કરીશું. કહી હું ફરી કાર સાફ કરવા લાગ્યો. સમીર સમજી

ગયો. પપ્પા અમારા શબ્દો અમને પાછા આપે છે. આપણે પણ માઁ બાપ છીએ. બાળકોને દુઃખી કરી આપણે કદી સુખી ન થઈએ. પણ આ વિચાર બાળકોને પણ આવવો જોઈએ. સમીર અને નયના દિવસે દિવસે થોડા કુણા પડતા જતા હતા.

તેઓએ બે મહિના ઘરની જવાબદારી સંભાળી એટલે ખબર પડી કે પપ્પા મમ્મીની વાત ખોટી નથી. એક દિવસ અમે શનિવાર સવારે સામાન લઈ કારમાં મુકતા હતા, ત્યાં સમીર બોલ્યો : પપ્પા તમે ક્યાં જાવ છો ? મેં હસતા હસતા કીધું વિકેન્ડ પણ પપ્પા, અમને શનિવાર, રવિવાર તમારા વગર ઘરમાં ગમતું નથી. અમને અમારી ભૂલ સમજાણી છે. તમારી લાગણી અમે દુભાવી હોય તો માફ કરો. અરે બેટા.... અમારી લાગણી તો તમારા ઉપર એટલી જ છે, જે પહેલા હતી. વાત ફક્ત બેજવાબદારી ભર્યા વર્તન વ્યવહારની હતી. ઘરડા માઁ બાપ કોઈ વખત તો તમારી સાથે બેસવા કે ફરવાની આશા રાખે કે નહીં? જો બેટા, અમે તો વિકેન્ડમાં હવે બહાર જવાના છીએ, પણ એકલા નહિં... હવેથી તમે બન્ને પણ અમારી સાથે હશો... બેટા સમીર અને નયના, તમે તમારો સામાન પણ પેક કરો, વીકેન્ડ હવેથી આપણે સાથે ઉજવીશું. સમીર દોડીને મને ભેટી પડ્યો... અને નયના સરયુને ભેટીને બોલી.... સોરી, પપ્પા... મમ્મી... મેં કીધું : બેટા, સોરી સાંભળવા અમે આ બધું નથી કર્યું. ઘર એક મંદિર છે, હોટલ નહિ, જીવનનો ક્યાં ભરોસો છે ? સાથે જેટલો સમય રહેવાય, એટલો રહેવા પ્રયત્ન કરો, પછી રૂપિયા ખર્ચવા છતાં નહિ એ સમય પાછો આવે કે, નહિં એ વ્યક્તિઓ પાછી આવે !!!

**आदमी मुसाफिर है, आता है, जाता है।**
**आते जाते रस्ते में यादें छोड़ जाता है**
**झोंका हवा का, पानी का रेला, मेले में रह जाए जो अकेला,**
**फिर वो अकेला ही रह जाता है...**

સર્વે સિનિયર સીટીઝનોને સમર્પિત...

## ગામડાની હવા

**આરતી રામાણી ''એન્જલ'' - બેંગ્લોર**

જેટલો આરામ ગામડાની ઠંડી હવા આપે છે. તેટલો આરામ એ.સી. વાળી રૂમ પણ નથી આપી શકતી. ગામડું એટલે શાંતિની જિંદગી. જ્યાં નથી કોઈ ખોટો દંભ કે ઝાકઝમાળ, નથી દેખાદેખી કે હુંસાતુંસી. ત્યાં છે બસ પરસ્પર પ્રેમ અને લાગણી. મોટાં શહેરોમાં દોડતી ભાગતી જિંદગી, ટેન્શન જીવનનો એક ભાગ બની ગયો છે. જો તેમાંથી તેઓ પસાર ના થાય; તો તેમને જીવનનિર્વાહ કરવો મુશ્કેલ થઈ પડે, પરંતુ જ્યારે શહેરી માણસ આ બધાથી થાકી જાય. ત્યારે તે ગામડાં તરફ વળે છે. કારણ કે જેટલો આરામ ગામડાની ઠંડી હવા આપે તેટલો આરામ એ.સી.વાળી રૂમ પણ નથી આપી શકાતી. ટેન્શન, થાક વગેરેને કારણે ક્યારેક એ.સી.વાળી રૂમમાં આરામ કરવા માટે ઊંઘની દવા લેવી પડે. જ્યારે ગામડાની ઠંડી હવામાં તો વગર કોઈ દવાએ ઘસઘસાટ ઊંઘ આવી જાય. એટલે જ શહેરી લોકો ગામડામાં ફાર્મહાઉસ બનાવે છે. જેથી વીક એન્ડમાં કે વર્ષમાં ઓછામાં ઓછુ એક વાર પરિવાર સાથે, મિત્રો સાથે ત્યાં જઈ આરામ કરી શકે. દોડતી ભાગતી જિંદગીને થોડીવાર માટે ''થોભી જા''કહી શકે. ગામડામાં વાડીની પણ એક મજા છે. ત્યાં રાત્રે જમવાનાં પ્રોગ્રામ થતાં હોય છે. દેશી ચૂલા પર માટીની તાવડી મૂકી તેનાં પર બનતાં બાજરાનાં રોટલા, રીંગણાનો ઓળો, ઘાટી છાસ, શેકેલાં મરચાં, તાજા તોડીને રાખેલા લીંબુ, કોથમીર, લીલી ડુંગળી વગેરેનો તો ક્યારેક માત્ર ભજીયાં અને છાસનો પ્રોગ્રામ થતો હોય છે. અને એ જમ્યા પછી જે ઓડકાર આવે, એવો ઓડકાર કોઈ ફાઈવસ્ટાર હોટેલમાં ચાઈનીઝ કે પંજાબી જમ્યા પછી પણ ના આવે એવો હોય બપોરનું ભોજન વાડીમાં કરી ઝાડના છાંયા નીચે ખાટલા પર ઊંઘવાથી અલગ શાંતિનો અનુભવ થાય છે. ત્યાં રિલેક્સ થવા માટે કોઈ રિલૅક્સીંગ મ્યુઝિકની જરૂર ના પડે. ત્યાં તો પ્રકૃતિ જ પોતાનું આનંદદાયક સંગીત વગાડતી હોય છે.

ગામડાંમાં રાત્રે અગાશી પર ખુલ્લાં આકાશ નીચે તારલાઓને જોતાં જોતાં ઠંડા પવનને માણવાનો ખરેખર એક લ્હાવો છે. ઠંડા પવનની લહેરખી શરીરને સ્પર્શી કુદરતી સુખ આપે છે અને વાતો કરતાં-કરતાં ક્યારે ઊંઘ આવી જાય તે ખબર ના પડે ઊંઘ પણ એવી આવે કે ઊંડા નસકોરા બોલવાં લાગે. ગામડામાં નસકોરા બોલવાં એટલે થાક ઊતરી. શાંતિની ઊંઘ આવી કહેવાય. મોટાં શહેરોની જેમ કોઈ તેને બીમારી ના ગણે. વળી ચોખ્ખું દુધ, ઘી, છાસ, દહીં, માખણ વગેરેનું બીજું નામ એટલે ગામડું. ગાય કે ભેંસને દોહતાં દોહતાં દૂધની તાજી શેર મોઢામાં ઝીલવી એટલે જાણે અમૃત પીતાં હોય તેવું લાગે. પાણી કે ભેળસેળ વગરનું ચોખ્ખુ દૂધ. જેને શહેરનું પાતળું દૂધ પીધું હોય તેને આ ઘાટું દૂધ પચે પણ નહીં. તેમણે પાણી ભેળવવું જ પડે એવો માભો હોય એ દૂધનો ! ગામની વચ્ચે ઘેઘૂર વડનું ઝાડ અને એની ફરતે મોટો ઓટલો હોય જ. ઓટલા પર બેસીને સુખ દુઃખની વાતો કરતાં વડીલો. અને જરૂર પડે સાથે ઊભો પણ રહે તેવો તેમનો સ્વભાવ હોય એક વાડીમાં જો ચીભડા થયાં હોય તો આખાં ગામને એ ચીભડા ચાખવા મળે અને જો એવી જગ્યાએ આપણે કોઈનાં ઘરે મહેમાન થઈને જઈએ. તો જાણે સાક્ષાત ભગવાન તેમનાં ઘરે મહેમાન બનીને આવ્યાં હોય તેવી તેઓ આગતાસ્વાગતા કરે. પડોશીના ઘરે જમવાનું શક્ય ન હોય તો છેલ્લે આપણે ચા પીવા જવું જ પડે તેવો તેમનો લાગણીભીનો આગ્રહ હોય. ત્યારે ખરેખર એવો વિચાર આવે. કે શહેરીજનોના હૃદય કેમ આટલાં વિશાળ નથી રહ્યાં ? કોંક્રિટનાં જંગલોની નીચે આપણી લાગણી ક્યાંક દટાઈ ગઈ છે ! ફરીથી એકવાર શહેરમાં ગામડાનો એ ઠંડો પવન વહેવાનું શરૂ કરશે ત્યારે જ એ લાગણી ફરીથી બહાર ડોકિયું કરશે તેવું લાગે છે.

## તારા જવાથી સર્જાયેલો ખાલીપો કેમેય ભરાતો જ નથી! ચિંતનની પળેપળે

**પેટા : માણસને માણસનું પણ વ્યસન થઈ જતું હોય છે.** – શ્રી કૃષ્ણકાંતભાઈ ઉનડકટ

આપણી જિંદગીમાં એક વ્યક્તિ એવી હોય છે જે આપણા સુખનું કારણ હોય છે. એનું હાસ્ય, એની હાજરી અને એની હયાતી આપણા અસ્તિત્વને આકાર અને આધાર આપે છે. એ આસપાસ હોય ત્યારે બધું જ હાથવગું લાગે છે. જિંદગીના સાચા સપના એ હોય છે જે ચાર આંખોથી જોવાતા હોય છે. પોતાની વ્યક્તિનો હાથ જ્યારે હાથમાં હોય છે ત્યારે કોઈ સફરનો થાક લાગતો નથી, કોઈ કામનો ભાર લાગતો નથી અને કોઈ પડકાર અશક્ય લાગતો નથી. થઈ રહેશે, કંઈ ચિંતા ન કર, આપણે સાથે મળીને પહોંચી વળીશું, પોતાની વ્યક્તિના આવા શબ્દો જડીબુટ્ટીનું કામ કરે છે. શબ્દ તો શબ્દ જ હોય છે, એના અર્થ પણ જે હોય છે એ જ હોય છે પરંતુ એ જ્યારે પોતાની વ્યક્તિના મોઢે બોલાય છે ત્યારે એનું વજન, એની તાકાત અને એની ક્ષમતા વધી જાય છે. દરેક વ્યક્તિના વાઈબ્સ હોય છે. દરેક વ્યક્તિની ઔરા હોય છે. વાઈબ્સ અને ઔરાનું હવા જેવું છે. એ દેખાતા નથી, વર્તાતા હોય છે, ફીલ થતા હોય છે. આપણી વ્યક્તિ પાસે હોય એ પૂરતું છે. ક્યારેય વિચાર્યું છે કે, એવું તે શું હોય છે. એ વ્યક્તિમાં કે એ આપણને સર્વસ્વ લાગવા માંડે છે? એના વગર ક્યાંય ગમે નહીં, એના વગર બધું જ અધૂરૂં લાગે, એના જ વિચારો આવે અને એની જ ઝંખના જાગે!

પ્રેમ ક્યારેય સમજાતો નથી. એક છોકરીની આ વાત છે. તે એક છોકરાના પ્રેમમાં પડી. આખો દિવસ એના જ વિચાર આવે રાખે. તેની એક આન્ટી હતી. આન્ટી સાથે બધી વાત શેર કરી શકાય એટલી સહજતા હતી. તેણે આન્ટીને પૂછ્યું, બાકી બધું તો ઠીક છે પણ મને એ સમજાતું નથી કે એ કેમ મારા મગજમાંથી ખસતો જ નથી? દરેકે દરેક વાતમાં એની હાજરી હોય છે જાણે એણે મારા વિચારો પર જ કબજો જમાવી લીધો છે. એની સાથે વાતો કરવાનું મન થાય છે. એ સાથે હોય ત્યારે સમયને જાણે પાંખો લાગી જાય છે, એનું પ્રોફાઈલ પિક્ચર જોયે રાખું છું, એના સ્ટેટસ વાંચ્યે રાખું છું, એની દરેક વાત ગમે છે, એની દરેક હરકત સ્પર્શે છે. ક્યારેક મને એવો વિચાર પણ આવી જાય છે કે, મારે મારા અસ્તિત્વ પર કોઈને આટલું હાવી થવા નથી દેવું તો પણ એ થઈ જાય છે. એનો ગુડનાઈટનો મેસેજ ન આવે ત્યાં સુધી ઊંઘ નથી આવતી. સવાર તો પડી ગઈ હોય છે પણ એનો ગુડ મોર્નિંગનો મેસેજ આવે પછી જ જાણે મારા દિવસનો ઉઘાડ થાય છે. નાની હતી ત્યારથી એવું નક્કી કર્યું હતું કે, મારે કોઈ વ્યસન કરવું નથી. એ સમયે મને ખબર ન હોતી કે માણસનું પણ વ્યસન થઈ જતું હોય છે! બધી વાત સાંભળીને આન્ટીએ એટલું જ કહ્યું કે, કંઈ વિચાર નહીં, બધું ફીલ કર, એન્જોય કર! માણસ ઉડી શકતો નથી પણ એ જ્યારે પ્રેમમાં હોય છે ત્યારે હવામાં હોય છે, નશામાં હોય છે, પ્રેમ એક જ એવી વસ્તુ છે જે તમને સ્વર્ગની અનુભૂતિ કરાવી શકે છે. હવે મને બધું જ મળી ગયું છે એવો અહેસાસ માણસને જ્યારે પોતાનો પ્રેમ મળે છે ત્યારે જ થાય છે.

આપણને આપણી પાસે જે હોય છે. એની કેટલી કદર હોય છે? માત્ર બે ઘડી એટલો વિચાર કરો કે, એ વ્યક્તિ ન હોય તો? કોણ આપણી જિંદગીમાં ક્યાં સુધી છે એની આપણને ક્યાં ખબર હોય છે? એક કપલની આ સાવ સાચી વાત છે. બંને ખૂબ પ્રેમથી રહેતા હતા. એક દિવસની વાત છે. બંને ઘરે સાથે બેસીને વેબસીરિઝ જોતા હતા. બંને મજામાં હતા. અચાનક જ હસબન્ડને હાર્ટ એટેક આવ્યો. કંઈ સમજ પડે એ પહેલા તો હસબન્ડ ફસડાઈ ગયો. પડોશમાં જ એક ડૉક્ટર રહેતા હતા. ફોન કરીને તેમને બોલાવ્યા. ડોક્ટરે તપાસીને કહ્યું કે એ હવે નથી! પત્નીનું મગજ સૂન મારી ગયું. કોઈ વ્યક્તિ આવી રીતે ચાલી જાય? અચાનક જાણે આખી જિંદગી જ લૂંટાઈ ગઈ. જાણે બધું જ ખતમ થઈ ગયું. ઘણો સમય વીતી ગયો. એ યુવતીએ કહ્યું કે, મારા મગજમાંથી એ દ્રશ્ય ખસતું જ નથી. યાદ આવે છે અને ધ્રૂજી જાવ છું. મને ખબર છે કે હવે એ પાછી નથી આવવાનો પણ એની ગેરહાજરી મારાથી સહન નથી થતી. કેટલાંક સન્નાટા એવા હોય છે જે ક્યારેય ભરાતો નથી. જે ખાલીપો સર્જાયો છે એ તો સમયની સાથે વિસ્તરતો જ જાય છે. હાર્ટ એટેક આવ્યો ત્યાં સુધી. તો એણે મારો હાથ પકડી રાખ્યો હતો. આ હાથ કાયમ માટે છૂટી જશે એની તો કલ્પના પણ નહોતી. દુનિયા તો એણે મારો હાથ પકડી રાખ્યો હતો. આ હાથ કાયમ માટે છૂટી જશે એની તો કલ્પના પણ નહોતી. દુનિયા ભલે એવું કહેતી હોય કે, સમય દરેક દર્દની દવા છે પણ કેટલાંક ઘાવ સમય પણ પૂરી શકતો નથી. ઉલટુ

ક્યારેક તો એવું લાગે છે કે, સમયની સાથે એ ઘાવ વકરતો જાય છે. એ નથી તો જાણે જિંદગીનો કોઈ મતલબ જ નથી! સવાલ થાય છે કે, કોના માટે? હસવાની મજા પણ એ હોય તો હતી, તૈયાર થવાની ખુશી પણ એ જુએ એના માટે જ હતી. કોઈ વાત એટલે યાદ રાખતી હતી કે એને કહીશ. એને વાત ન કરૂં ત્યાં સુધી હાશ ન થતી. હવે તો કોઈ વાત જ નથી ગમતી. આ તે કેવું પેઈન છે? ક્યારેક તો હું મારી જાત સાથે ઝઘડું છું. કહું છું કે બહાર નીકળ આ બધામાંથી. એ હવે નથી. ક્યારેય આવવાનો નથી. તારા સુખ માટે સ્વાર્થી થઈ જા. નથી થઈ શકતી સ્વાર્થી, નથી થઈ શકતું કંઈ, બધા કહે છે, મૂવ ઓન થવું પડે છે. કેમ થવું મૂવ ઓન? નથી થવાતું મારાથી તો હું શું કરૂં?

એક વ્યક્તિ જાય એટલે આપણે સાવ એકલા થઈ ગયા હોય એવું કેમ લાગતું હોય છે? અમુક સવાલો એવા હોય છે જેના કોઈ જવાબ નથી હોતા. બસ ઝૂરાપો હોય છે. વલોપાત હોય છે. નિસાસા હોય છે અને કોરી ખાય એવી એકલતા હોય છે. ક્યારેય એવા વિચાર આવે છે કે આપણી વ્યક્તિ ન હોય ત્યારે આપણી પાસે યાદ કરવા એવું શું હોય? હમણાં એક ઘટના બની. એક ભાઈની પત્નીનું અવસાન થયું. પચીસ વર્ષનું બંનેનું દાંપત્ય હતું. પત્નીની વિદાયને છ મહિના થયા છતાં એ ભાઈ શોકમાંથી બહાર આવી શકતા નહોતા. તેનો મિત્ર એનો સધિયારો આપતો રહેતો. એક વખત એ ભાઈ તેની પાસે રડી પડ્યા અને કહ્યું કે, મારાથી કેટલીક વાતો ભૂલી શકાતી નથી. તેના મિત્રએ પૂછ્યું કઈ વાત? તેણે કહ્યું મેં મારી વાઈફને ઘણી વખત હેરાન કરી છે, ઘણી વખત એને એવું બોલ્યો છું કે એ રડી પડી હોય, એક વખત તો મેં તેના પર હાથ પણ ઉપાડી લીધો હતો. આ બધું મારાથી ભૂલાતું નથી. એક ભાર રહે છે મારા મનમાં એવું નથી કે અમે ઝઘડતા જ રહેતા હતા. પ્રેમથી પણ રહ્યા છીએ પણ હવે એ નથી ત્યારે એનું દિલ દુભાવ્યું છે એની જ પીડા થાય છે. કાશ મેં એની સાથે આવું ન કર્યું હોત, કાશ થઈ ગયા પછી એની માફી માંગી લીધી હોત. તો મને આટલી વેદના ન થાત! મિત્રએ એને એવું કહીને સાંત્વના આપી કે, એની સાથેની જે સારી યાદો છે એને વાગોળ, ખુશીનો સમય યાદ કર. બાકીનું બધું ભૂલી જા. એ મિત્ર છૂટો પડીને ઘરે ગયો. પત્નીને બોલાવીને કહ્યું કે, બેસ તો મારી પાસે. પત્નીએ કહ્યું કે શું વાત છે? પતિએ બે-ચાર ઘટના યાદ કરીને કહ્યું કે, એ વખતે મારાથી આવું થઈ ગયું હતું. મારાથી ન બોલવાનું બોલાઈ ગયું હતું. આઈ એમ રિઅલી સોરી મને માફ કરજે. પત્નીએ કહ્યું કે આવું કેમ બોલો છો? પતિએ કહ્યું કે, બસ એમ જ! કાલ ઉઠીને મને કંઈ થઈ જાય તો મારાથી થયેલી ભૂલોને યાદ ન કરતી! પત્નીએ પતિના મોઢા પર હાથ મૂકી દીધો!

માણસનો સૌથી મોટો પ્રોબ્લેમ એ હોય છે કે એની કેટલીક વાતો ઘણું બધું છૂટી ગયા પછી જ સમજાતી હોય છે. એ એવા સમયે સમજાય છે જ્યારે એની પાસે અફસોસ કે પસ્તાવા સિવાય કંઈ બચતું નથી. જેને આ વાત પહેલાથી સમજાઈ જાય છે એની પાસે અફસોસ કરવાનું કોઈ કારણ રહેતું નથી. એક વૃદ્ધાને જ્યારે તેના સ્વર્ગસ્થ પતિ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે માત્ર એટલું જ કહ્યું હતું કે અમે સરસ જિંદગી જીવ્યા છીએ. એની હાથની ભિનાશ હજુયે મારા હાથમાં વર્તાય છે. એના વાઈબ્સ હજુયે હું ઝીલી શકું છું. એની હાજરીનો ભાસ હજુયે મને થાય છે. એ યાદ આવે ત્યારે આંખો બંધ કરીને એની સરસ મજાની યાદોમાં ખોવાઈ જાવ છું. બસ એ સમયે એ નથી તો પણ એ હોય એવો જ અહેસાસ થાય છે. છેલ્લે એક સવાલ, તમે તમારી વ્યક્તિ સાથે એ રીતે જીવો છો ખરા કે બેમાંથી એક ન હોય ત્યારે પણ એની હાજરી વર્તાય? તમારા જીવનમાં એટલી ભીનાશ છે કે એનો ભેજ આખા આયખામાં અનુભવાય? જિંદગી એવી જીવો કે અફસોસનો કોઈ અવકાશ જ ન રહે!

**છેલ્લો સીન :** જિંદગી લાંબી હોય છે પણ ક્ષણો ટુંકી હોય છે. જિંદગી ક્ષણોથી જ બનેલી હોય છે. સારા સમયમાં ક્ષણોને માણી લેતા અને નરસા સમયમાં ક્ષણોને સાચવી લેતા જેને આવડે છે એ જ જિંદગીને ખરી રીતે જીવી જાણતા હોય છે...

**- કેયુ સૌજન્ય (સંદેશ)**

## થોડું અવનવું...
## લગ્ન જેવા યાદગાર

**પ્રસંગ માટે સ્થળ પણ ખાસ હોવું જોઈએ**

એ સંદર્ભે એક રોચક વાત જાણવા મલી કે અમેરિકન યુગલોમાં એક નવો ટ્રેન્ડ જોવા મળ્યો. એ નવિનતમ ટ્રેન્ડ એટલે જ્યાં ભણ્યા હોઈએ (સ્કુલ કે કોલેજ) હોઈએ તે જગ્યાએ લગ્ન કરવા - નો ડેસ્ટીનેશન વેડીંગ (આપણે ત્યાંની વાત કરીએ તો નો વાડી બુકીંગ - નો બડા બડા હોલ્સ) બસ જ્યાં ભણીને મોટા થયાં ત્યાં જ લગ્ન ગોઠવવા. એ રીતે માતૃ સંસ્થાનું ગૌરવ પણ સચવાય જાય. આ વિચાર વેગ પકડતો જાય છે એ પણ નોંધવા જેવું છે. ઉપરોક્ત નવો ટ્રેન્ડ આ રીતે ઓળખાય છે.

**સ્કૂલ બેલ્સ ટુ વેડીંગ બેલ્સ**

# સપ્ટેમ્બર માસના મુખપત્રના સૌજન્ય દાતા



## શ્રીમતી મંજુલાબેન મણિલાલ નાથાલાલ શેઠ

મંજુલાબેન સ્વભાવે શાંત, કુટુંબ-પરિવાર પ્રત્યે સ્નેહની ગંગા વહેવડાવનાર તેમજ લાગણીશીલ સ્વભાવનાં સાચા અર્થમાં સનિષ્ઠ નારી છે. તેમનાં સદ્‌ગુણો, લાગણી, ઉદારતા અને પ્રેમ જેવા ઉચ્ચ સંસ્કારો તેમના પુત્રો-પુત્રવધૂ અને દીકરીઓમાં જોવા મળે છે. તેમના જીવનમાં જીવદયા, કરૂણા અનેરું સ્થાન ધરાવે છે તેમ જ ધર્મ પ્રત્યે સાચો અભિગમ ધરાવે છે. બીજાનું કામ નિ:સ્વાર્થ ભાવે કરી આપવાની મનોવૃત્તિ ધરાવે છે.

તેઓ મૂળ પાટણવાળા શેઠ શ્રી ઝવેરચંદભાઈ વસાનાં સુપુત્રી તેમના સુપુત્રો (૧) પરેશભાઈ (૨) ચેતનભાઈ (૩) રોહિતભાઈ તેમ જ પુત્રવધૂઓ (૧) નીતાબેન (૨) હીનાબેન (૩) હેતલબેન તમ જ પૌત્ર અને પૌત્રીઓ જિનલ, ધર્મિન, યશ, મિત, નિશિથ, જૈનમ, સમગ્ર પરિવારની અંદર દરેક જતન કરીને સંસ્કારોનું સિંચન કરી રહ્યાં છે. ચેમના પુત્રો અને પુત્રવધૂઓ માતા મંડુલાબેનના હૃદયની ઈચ્છા અને કરૂણાનાં અનેક કાર્યો કરી રહ્યાં છે.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારનાં મોભી તરીકે સૌ પ્રત્યે સ્નેહ અને પ્રેમ વરસવાવી રહ્યાં છે તેમજ શિક્ષણ પ્રત્યે ખૂબજ આદર ધરાવે છે.

તમના તથા તેમના પરિવારનાં આ પ્રકારના અભિગમની લાગણીથી સમાજ ગૌરવ અનુભવે છે.

તેમના પરિવરાને સમાજના ખૂબ ધન્યવાદ



# સાંસ્કૃતિક કાર્યક્રમ

# ras garba



**Date : 01 - 10 -2023**

**Sunday - 6.30 PM Onwards**

**With - M.J. (Manish Joshi)**

## ASSOCIATE DONORS

01. Shri Kiritkumar Prabhulal Mehta Parivar
02. Smt.Samjuben & Girdharlal Jivanlal Vora Parivar
03. Shri Jayantbhai Vrajlal Mehta Parivar
04. Smt. Geetaben Hemantbhai Koradia Parivar
05. Smt. Induben Shrikantbhai Vasa Parivar
06. Smt. Rekhaben Pankajbhai Vora Parivar
07. Shri Harshukhlal Khushalchand Dhruv Parivar
08. Shri Vinodbhai Bhagvanji Mehta Parivar
09. Shri Vinodbhai Zaverchand Vasa Parivar
10. Smt. Varshaben Ashwinbhai Vora Parivar
11. Smt. Savitaben Champaklal Vora Parivar
12. Shri Nautamlal Bhagvanji Shah Parivar
13. Smt.Gulabben Chhaganlal Bhansali Parivar
14. M/S. Samrat Pharma
15. Shri Devchand Karamchand Vasa Parivar
16. Smt. Indiraben Dalichand Parekh Parivar
17. Smt Jayaben Mahasukhlal Sanghvi Parivar
18. Shri Dhirajlal Manjibhai Mehta Parivar
19. Shri Rajeshbhai Harsukhlal Koradia Parivar
20. Shri Shaileshbhai Vrajlal Vora Parivar
21. Smt.Bhanuben Prataprai Hirachand Vora Parivar
22. Shri Hareshbhai Jaysukhlal Mehta Parivar
23. Smt. Madhuriben Pranlal Doshi Parivar
24. Matushri Lilaben Kishorbhai Shah Parivar
25. Shri Girishbhai Dalsukhbhai Koradia Parivar
26. Shri Pravinchandra Chimanlal Vora Parivar
27. Smt. Jyotiben Chimanlal Vora Parivar
28. Smt. Prafulaben Kishorbhai Vora Parivar
29. Shri Kishorbhai Lalchand Ramani Parivar
30. Shri Jayubhai Chunilal Doshi Parivar
31. Shri Sureshbhai Jayantilal Shah Parivar
32. Shri Mansukhlal Jagjivandas Sheth Parivar
33. Shri Rameshbhai Laherchand Mehta Parivar
34. Smt. Lilavatiben Laherchand Mehta Parivar
35. Matushri Jasumatiben Zaverilal Koradia Parivar
36. SVJS Mandal, Borivali
37. SVJS Mahila Mandal, Borivali
38. SVJS Mandal, Goregaon
39. SVJS Utkarash Mandal, Mulund

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR